વર્ષ બીજું : પુસ્તક પાંચમું

પાપ  અને પુણ્ય 

'જયભિખ્ખુ'
'પ્રત્યમ્'



શ્રીજીવનમણિ સદ્વાચન માળા ટ્રસ્ટ

હઠીભાઈના દેરા સામે, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ

કિંમત બે રૂપિયા

પહેલી આવૃત્તિ : ૧૯૫૮
બીજી આવૃત્તિ : ૧૯૬૧

: પ્રકાશક :
બાલાભાઈ વીરચંદ દેસાઈ
શ્રી [illegible] [illegible] ટ્રસ્ટ
[illegible] સામે, અમદાવાદ

: મુદ્રક :
[illegible] : જિતેન્દ્ર પ્રિન્ટરી
[illegible] : અમદાવાદ

વખતને તેઓ ભાસ્ય કરવા અને રશિયન નહિ થાય એ વિચારે તે વખતે એમને ગુજરાતીમાં ઉતારવાનું માંડી વાળ્યું.

પણ મને એ નવલકથાનું આકર્ષણ રહ્યું હતું. આત્મનિવેદન સ્ફુલિંગ અને આર્ટિ મેનાર્ડ વાંચ્યા પછી, આ નવલને સામાન્ય વાચકો માટે સુગમ કરવાની મનોવૃત્તિ થયા કરતી હતી. આ પછી શ્રી. ઇંગ્લીશ મેથેસન અનુવાદ જોવામાં આવ્યો. પણ એ પછી એનું છૂટ ભાષાંતર કરીએ તો વધુ સુરેખ બને — અને સર્વભોગ્ય બને તેવો ત્યાં મિત્રોનો અભિપ્રાય પડ્યો.

પણ બીજી પ્રવૃત્તિઓને કારણે વખત મળતો ન હતો. મિત્રો તો વાતો કરે અને તેથી હું કરતી ને નામે, આખરે, મિત્રો ચાલતું અને કામ પૂરેપૂરું હતી. એમાંથી છપાવવા માટે પૂર્તિ તૈયાર કરતાં કરી આ નવલ બાર ભાગની અને છે કે મારી અને આભાર અને સહકારથી આ નવલકથાનો જન્મ થયો.

આત્મનિરીક્ષણ અનંત આત્મને નાની હોડી કરતા જેવો આ પ્રશ્ન છે ત્યાં પ્રયાસીનો અમ નિર્ણય નહિ થાય, એથી તો ભારતી છે.

પાપ તરફ ઘૃણા પણ પાપી તરફ સમભાવ એ આ નવલકથાનો મુખ્ય સંદેશ છે. સામાન્ય હોવા છતાં, મનિષા કે એનો કોઈ એવી તેના તરફ ધારણ કરવાની જરૂર નથી. સામાન્ય રીતે માણસને દુષ્ટ બનાવનાર તે જેવો અને નવલો છે તે જેવો અને મતિ નવલકથાનો પ્રસંગ આવતાં એવો પુરસ્કાર કર્યો છે.




નાદ કરવાની પ્રેરણા એને આપી હતી. આ નવલકથા એક રીતે ઐતિહાસિક છે એવો મત કોઈને એમાં દેખાઈ શકે છે


અંતમાં આ નવલકથાના સર્વસ્વ લેખનની અમારે માફી માગવી રહી, કારણ કે અમારા નવા હાથોએ કર્યાં એને ઢીલી બનાવી હશે: પણ જેટલો પ્રયાસ ગ્રામજનોને બોધ આપી ગુજરાતમાં આવે, અને એ ગ્રામજનના ઘરેથી સામાન્ય લોક પોતાને પણ માને– એવું આ છે સામાન્ય જનસમૂહ માટેનો આ યત્ન છે: તે એ રીતે એ સફળ થશે, તો અમારી જાતને અમે ધન્ય માનીશું

—જયભિખ્ખુ
—પ્રકાશક





૧	[illegible]	૩
૨	[illegible]	૧૪
૩	[illegible]	૨૧
૪	વૈભવ	૨૮
૫	[illegible]	૪૮
૬	[illegible] અને [illegible]	[illegible]
૭	[illegible]	[illegible]
૮	[illegible]	૮૧
૯	[illegible]	[illegible]
૧૦	[illegible]	[illegible]
૧૧	[illegible]	૧૧૨
૧૨	[illegible]	૧૧૯
૧૩	[illegible] અને [illegible]	૧૨૮
૧૪	[illegible]	૧૪૩
૧૫	[illegible]	[illegible]
૧૬	[illegible]	૧૬૮
૧૭	[illegible]	[illegible]
૧૮	[illegible]	[illegible]
૧૯	[illegible]	૨૧૧



શ્રી જયભિખ્ખુનાં આ ગ્રંથમાળામાં પ્રગટ થયેલાં

: પુસ્તકો :

ભગવાન મહાવીર	૩–૦
સદ્વાચનમાળા–શ્રેણી ૧લી	૨–૬
[illegible]	૨–
સદ્વાચનમાળા–શ્રેણી ૨જી	૨–૫
ભગવાન ઋષભદેવ	૩–૫
સદ્વાચનમાળા–શ્રેણી ૩જી	૨–૫
પાપ અને પુણ્ય	૨–૦
પ્રેમપંથ પાવકની જ્વાળા	૧–૫
[illegible]	૦–૭૫
પ્રેમનું મંદિર	૩–૫
[illegible]	૧–૫
સંસારસેતુ	૩–૫
સદ્વાચનમાળા–શ્રેણી ૪થી	૩–
મંત્રીશ્વર વિમલ	૧–૫
[illegible]	૧–૫
[illegible]	૦–૭૫
[illegible] ૧–૨	૭–૦
[illegible]	૧–૫
ચક્રવર્તી ભરતદેવ	૩–૦
રાજા શ્રીપાળ	૦–૫
[illegible]	૦–૫
નરકેસરી	

શ્રી જીવન મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ

[illegible] સામે, [illegible] બહાર અમદાવાદ

યમ-નિયમો આચરનાર યોગીઓનું આ નિવાસસ્થાન હતું. ભોગ-વિલાસનો અહીં પડછાયો પણ ન પડતો.

કેટલાક યોગીઓ તો દેહ તરફ બિલકુલ બેપરવા રહેતા. તેઓ કહેતા કે દેહના દમનથી આત્માનું કલ્યાણ થાય છે. શરીરના ચાંદા કે ગુમડાંને તો તેઓ સુવર્ણ-મણિના અલંકારથી ઓછાં પ્રિય ન લેખતા.

આ તપોભૂમિમાં કેટલાક લોકો તપ અને ધ્યાનમાં રહીને જીવનને સફળ બનાવતા. પણ કેટલાક માણસો એવા પણ હતા કે માનવ માત્રને સહાય કરવામાં ધર્મ માનતા. આ તપસ્વીઓ ધનને તુચ્છ લેખતા. તેમનો એક જ માત્ર ઉદ્દેશ હતો, આત્મકલ્યાણની સાધના. તેમના તપનો જ્યોતિ આકાશને પણ તેજવંતુ બનાવતો.

કહેવાતું કે સ્વર્ગના દૂતો, વાનાજુઓનો સ્વાંગ સજીને આ મઠોમાં આવતા. આ જ રીતે દાનવો અને શેતાન પણ વિવિધ રૂપો ધારણ કરીને આ તપોભૂમિમાં તપસ્વીઓને ચલિત કરવા આવતા.

સવારમાં આ તપસ્વીઓનો સમુદાય હાથમાં પાત્ર લઈને સરોવર તરફ નિત્યકર્મ માટે જતો તો રસ્તા પર એમને દાનવો અને રાક્ષસોના પગલાં જોવા મળતાં. ખરી રીતે આ તપોભૂમિ એક સમરભૂમિ સમાન હતી કે જ્યાં નિત્ય દિવસે અને ખાસ કરીને રાતની વેળાએ સ્વર્ગ ને નરક, ધર્મ ને અધર્મ, સુર ને અસુર વચ્ચે એક ભીષણ સંગ્રામ ચાલ્યા કરતો.

ઊંચુ જ્ઞાન ધરાવનાર સમર્થ આત્માઓ હતા.

આશ્રમને પખાળતી નિરંજના નદીના કાંઠે અવારનવાર યાત્રાળુ સંઘો આવતા; અને ત્યાં આવેલી સાદી ધર્મશાળાઓમાં નિવાસ કરતા. તેઓ પર્ણકુટીઓમાં વસતા મહાન ધર્મવેત્તાઓના દર્શન કરવા આખો દિવસ ફરતા.

કોઈ પર્ણકુટીમાં એકાદ યોગી એકાંતવાસ સેવતો. એ કોઈને મળતો નહિ. કોઈની સાથે વાત કરતો નહિ. એ ભિક્ષા કરતો કે નહિ તેની પણ કોઈને માહિતી નહોતી.

કેટલાક યોગી એવા એવા મળતા, જે ખુલ્લા આકાશ નીચે, કલાકોની ખબરસથી યોગમાં પડ્યા રહેતા. વર્ષા આવતી, મુશળધારે પાણી વરસાવતી પણ આ યોગીઓને જાણે એની કંઈ પડી જ નહોતી.

ગ્રીષ્મ આવતી; ને કલાકના પ્રખર શોષી શિલાઓ તવા જેવા ગરમ થઈ જતા, પણ આ યોગીઓ તો જાણે રૂની તળાઈ પર બેઠા હોય તેમ મોજથી બેઠા રહેતા.

શિશિર આવતી, ઘાસ પાન પર કરીને હિમ થઈ જતા ત્યારે આ ધીરોદાત્ત યોગીઓ પોતાના ધ્યાનમાં અડોલ રહેતા.

કોઈ કોઈવાર જમતા. કોઈ જમતા જ નહિ. કોઈ એકાદ ચીંથરું વીંટાળતા, કોઈ એની પણ તમા રાખતા નહિ. સાધનામાં ને આચારમાં જે કંઈ કઠિન છે તે તેઓ આચરતા. જે દુ:ખ છે તેનું સ્વાગત કરતા. શોક માત્રને ઉત્સાહથી વધાવતા.

લોકોને વિસ્મિત બનતા પણ નિર્લજ્જ નિ:સત્વ તપસ્વીઓ પર આ પ્રલોભનોની કશી જ અસર થતી નહિ; અને સૂર્યોદય થતા જ આ દુરાત્માઓ પોતાનું મૂળ રૂપ ધારણ કરી ત્યાંથી દૂરદૂર ભાગી જતા.

સવારે આ દુષ્ટોને અહીં રસ્તા પર રોતા જોવા એ કંઈ અસામાન્ય વાત રહી નહોતી. તેમને કોઈ રડવાનું કારણ પૂછતું તો તેઓ ઉત્તર આપતા 'અમને તપસ્વીઓએ મારી મારીને ભગાડી મૂક્યા છે એથી અમે રડી રહ્યા છીએ।

તપોભૂમિના સિદ્ધ પુરુષોનો પ્રભાવ સમસ્ત દેશના દુર્જનો અને નાસ્તિકો પર છવાયો હતો. કોઈ કોઈ વાર તેમની ધર્મપરાયણતા વિલક્ષણ રૂપ પણ ધારણ કરતી. એમણે, ધર્મ અને ઈશ્વરનો દ્રોહ કરનારને દંડ કરવાનો ઈજારો લઈ રાખ્યો હતો. એ દંડમાંથી દુષ્ટ લોકોને ઉગારી લે એવી કોઈ શક્તિ આ સંસારમાં હતી નહિ. નગરોમાં અને દેશ છેક પાટલીપુત્ર સુધી આ ભીષણ તપસ્વીઓની વિચિત્ર લોકવાયકાઓ ફેલાઈ હતી.

એક લોકવાયકા કહેતી કે અહીંના એક તપસ્વીએ કેટલાક દુરાત્માઓને ધર્મદંડથી મરોડ્યા ને પૃથ્વી ફાટી અને બધા જ દુષ્ટાત્માઓ એમાં સમાઈ ગયા. આથી દુષ્ટ કૃત્ય કરનારા વિશેષ કરીને નાસ્તિકો, મદ્યપીઓ અને વેશ્યાઓ આ તપસ્વીઓથી ખૂબ ડરતા.

આ સિદ્ધપુરુષો સામે વન્યપશુઓ પણ માથું નમાવતા. કોઈ તપસ્વી અંતિમ શ્વાસ લેતો હોય ત્યારે બીજા સિદ્ધ

તપસ્વીઓ સ્વર્ગના દૂતોની સહાયથી-તેમજ વ્રત, ધ્યાન અને તપથી આ દાનવસેનાઓના આઘાતોનું નિવારણ કરતા. કોઇકવાર ઇંદ્રિયજન્ય વાસનાઓ એમના મર્મસ્થાન પર એવો અંકુશ જમાવી બેસતી કે તેઓ એની પીડાથી વેદનાની બૂમ પાડી ઉઠતા અને એમનો એ વેદનાધ્વનિ અન્ય દાની પશુઓની ગર્જનાઓ સાથે ભળી જઈને તારામંડિત નભ સુધી ફેલાઈ જવા પામતો.

આ સમયે દાનવ અને રાક્ષસો દાનવી રૂપ છોડીને મનોહર વેશ ધારણ કરતા; કારણ કે દાનવી રૂપમાં તેમને પકડાઈ જવાનો ભય રહેતો હતો એટલે મનોહર વેશનો તેઓ આશ્રય લેતા, જેથી તેઓને કોઈ પકડી શકે નહિ.

કોઈ મસ્ત ગોવાલણી બનીને આવતું કોઈ સ્વર્ગની અપ્સરાના વેશ લેતું કોઈ ધર્મપ્રિય અભિસારિકા બની પોતાના રૂપાળાં અંગોને ખુલ્લાં કરતું આવતું કોઈ ભૂખ્યા તપસ્વીઓને માટે મેવા-મીઠાઈ લઈને આવતું

કોઈ કહેતું : રે! ભૂખ્યા ભજન ન થાય.

કોઈ કહેતું : આ દેહ શા માટે મળ્યો ? સ્ત્રી ને પુરુષ એક બીજાના બે અર્ધિયાં છે અર્ધાંગના એક કરી તો તમારી સાધના સફળ થશે.

કોઈ કહેતું : પૂર્વ ભવમાં આપણે પતિ-પત્ની હતા. આ ભવમાં એક થતા સરજાએલા છીએ.

તપસ્વીઓ પોતાની ઝુંપડીમાં વાસનાઓનું આવું દશ્ય

આ શિષ્યોમાં કેટલાક એવા હતા કે જેમણે વર્ષો સુધી લૂંટનો ધંધો કર્યો હતો. એમના હાથ લોહીથી ખરડાયેલા હતા. પણ મહાત્મા પુણ્યકાશ્યપના ઉપદેશથી પ્રભાવિત થઈને તેઓ અત્યારે ધર્મમય જીવન વ્યતીત કરી રહ્યા હતા. તેમના દયામય પવિત્ર આચારોથી મહાયોગીઓ પણ ચકિત બની જતા.

પુણ્યકાશ્યપનો એક શિષ્ય કે જે એકવાર તિબેટની રાજધાનીના રસોયો હતો અને એક ટંકના ભોજન માટે હજારો નિર્દોષ જીવોની હત્યા કરતો તે આખો દિવસ પોતાના પૂર્વના પાપોના પ્રાયશ્ચિત રૂપે બસ રડ્યા કરતો.

કર્જુ નામનો એક બીજો શિષ્ય જે પૂજારી હતો, તેણે આખા ધર્મગ્રંથો જ કંઠસ્થ કરી લીધા હતા અને તે સાથે એ સુંદર વક્તા પણ હતો. પણ પવિત્રતામાં સર્વશ્રેષ્ઠ તો પુષ્પને જ ગણી શકાય.

પુષ્પ જુવાન એકલપુત્ર હતો. તે ખૂબ નિખાલસ અને ભોળો હોવાથી તેને બધા મૂરખ કહેતા. કોઈના માનવામાં ન આવે એવી અદ્‌ભુત ઈશ્વરીય દર્શનની તે વાતો કરતો અને તે સાંભળીને લોકો હસતા, પણ ઈશ્વરની કૃપાદૃષ્ટિ તેના પર વિશેષ હતી. તે આ મસ્તી અને ભક્તિસ્વરૂપ હતો. તેને પરિણામે આત્મ કુસુમ થઈ આવતી.

પુણ્યકાશ્યપ પોતાનો ઘણોખરો સમય શિષ્યોની શિક્ષા દીક્ષા અને આત્મશુદ્ધિની ક્રિયાઓમાં પસાર કરતા હતા. તે શાંતના નવરાશના સમયે ધર્મની વાતો પર ખૂબ ઊંડુ મનન કરતા. ને ઉમરે નાના હોવા છતાં તેમના મગજમાં ખૂબ વિશાળ

ત્યાં આવીને તેને માટે પોતાના પંજાથી સમાધિસ્થાન ખોદવા લાગતો. આથી પેલા તપસ્વીને ખ્યાલ આવતો કે ભગવાન પોતાને બોલાવી રહ્યા છે તે તરત જ પોતાના સાથીઓના હાથ ચૂમતો અને ત્યારબાદ સમાધિસ્થ બનતો.

અત્યાર સુધી આ તાપસાશ્રમના અધ્યક્ષ મહાનંદ હતા. પણ હવે તેમની ઉંમર એક સવાસો વર્ષ ઉપર થઈ હતી, એટલે તે પોતાના અનુયાયી સેવકો સુદ ને સુદ સાથે, આ સ્થાન છોડીને એક પહાડીમાં રહેવા માટે ચાલ્યા ગયા હતા. તેમના ગયા પછી તેમની જગા પર પુરણકાશ્યપ નામના એક મહાતપસ્વી સાધુ આવ્યા હતા.

પુરણકાશ્યપ કરતાં કોઈ મોટો સાધુ નહોતો. તેનાં સત્કર્મોની કીર્તિ દૂર દૂર સુધી ફેલાઈ હતી. કેટલાક તપસ્વીઓ એવા પણ હતા કે જેમના શિષ્યોની સંખ્યા પુરણકાશ્યપના શિષ્યો કરતા અધિક હતી, અને જેઓ આશ્રમના સંચાલનમાં પણ તેના કરતા વધુ કુશળ હતા પણ તપની બાબતમાં તેઓ પુરણકાશ્યપને પહોંચી શકે એમ હતું નહિ. એ કેટલાક દિવસના ઉપવાસ કરતા, સવારે અને સાંજે પોતાના દેહને પ્રાર્થનાથી વિશુદ્ધ કરતા અને કલાકો સુધી જમીન પર ઊંધે માથે સમાધિમાં પડ્યા રહેતા.

તેમના ચાળીસ શિષ્યોએ પોતપોતાની કુટિરો એમની પર્ણકુટીની આસપાસ ઊભી કરી લીધી હતી, અને તેઓ યોગક્રિયાઓમાં પુરણકાશ્યપનું જ અનુસરણ કરતા.

વાસનાનો અર્થ માત્ર એટલો જ હતો કે તેમણે આદિ ભોજન કર્યું હતું અને અવારનવાર નાટકશાળામાં નાટક જોવા જતા હતા. બીજી રીતે કહીએ તો એમણે જિંદગીના એ વીસ વર્ષ તે સમયના સાધુ મનુષ્યની જેમ જ વ્યતીત કર્યાં હતાં. તે સમયની ભોગેચ્છા અત્યારે તેમના હૃદયને એક કાંટાની જેમ ખૂંચ્યા કરતી હતી

સંયોગે તે આનંદ નામના એક સાધુના સંપર્કમાં આવ્યા અને તેમના જીવનની આખી કાયાપલટ થઈ ગઈ. તેમના રોમેરોમમાં સત્ય રમતી થઈ ગયું અને આત્મજ્ઞાનીના બાળકની જેમ તે સત્ય તેમના હૃદયમાં આરપાર ઊતરી ગયું

દીક્ષા લીધા બાદ એક વર્ષ સુધી તે અંધકારમાં રહ્યા. તેમનામાં સંબંધોના વિચ્છેદ કરવાની શક્તિ આવી નહોતી. એક દિવસ તે આશ્રમમાં ગયા. તે વખતે એક સાધુ ધર્મ ... ની નિંદાનું વાચન કરતા હતા

એ ગુરુ ધર્મની ભક્તિ કરવાની ... દ્રવ્ય અને વાસનાની ભક્તિ કરનારને ... દંડ ... ધર્મની અને ... એક સાથે નહિ કરી શકે

ત્યારે જ તે ઘેર આવ્યા. પોતાની બધી મિલકત દાનમાં આપી દીધી અને આશ્રમમાં દાખલ થયા. આમ ... વિરાગ ... વર્ષ સુધી તેમણે પોતાના દેહનું દમન કર્યું

હતા. જે પિશાચો બીજા તપસ્વીઓ પર નજર નિહાળે આક્રમણ કરતા તેઓ પુણ્યકાશ્યપ પાસે આવવાનું સાહસ પણ કરતા નહિ. તેની પાસે ફરવાનો વિચાર કરતાય તેઓ ધ્રૂજતા હતા.

મહાકાશ્યપની પર્ણકુટી આગળ છ શિયાળ બાવળા પાસે ચુપચાપ બેસી રહેતાં. કોઈવાર કોઈ શિયાળ આક્રંદ કરી ઊઠતું પણ પુણ્યકાશ્યપનું પગલું દેખાતું કે ચૂપ થઈ જતું.

લોકવાયકા હતી કે આ શિયાળોના રૂપમાં રહેલા છ અસુરો જ હતા. તેઓનાં નામ-કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર ને લોભ હતાં. પુણ્યકાશ્યપના તપસ્તેજને લીધે આશ્રમ પગ મૂકવાની તેઓ હિંમત કરતા નહિ. નિર્વીર્ય બનીને ત્યાં પડ્યા રહેતા.

પુણ્યકાશ્યપનું જ મસ્તાન મગજ હતું. તેમણે ઊંચા પ્રકારનું શિક્ષણ મેળવ્યું હતું. તેમણે કવિઓના શૃંગારરસને આસ્વાદ્યા હતા અને યુવાન અવસ્થામાં ઈશ્વરના નાસ્તિત્વ પર બીજાઓની સામે વાદવિવાદ પણ કર્યો હતો.

ત્યાર બાદ જીવનના કેટલાક દિવસો તેમણે ધનિક પુરુષોની જેમ ભૌતિક સુખભોગમાં વ્યતીત કર્યા હતા. આખરે એની યાદ આવતા તેમને ખૂબ ગ્લાનિ અને ઉદ્વેગ થઈ આવ્યાં, અને તેમના હૃદયમાં એક મોટી વેદના જાગી ઊઠી.

તે પોતાના સાથીઓને ક્ષમા કરતા એ દિવસો દરમ્યાન માથા પર વાસનાનું ભૂત સવાર થયું હતું પણ તેમના કહેવાનો આશય એવો તો કદાપિ નહોતો કે પોતે નિંદ્ય કર્મ—જેવાં વ્યભિચાર કે ચોરી—કર્યાં હતાં.

આજે તો એ વળી ઉચ્ચ કોટીએ પહોંચી ગયા હતા. અને એ માટે જ મહાયોગી મહાનંદ પછી આ આશ્રમના વડા તરીકે પુણ્યકાશ્યપની નિયુક્તિ થઈ હતી. એમની દૃષ્ટિમાં સત્યની જ્વાલા હતી : પાપનો પડછાયો તે આશ્રમમાં પડવા ન દેતા. એ સામા માણસનું સાચું કે ખોટું તુરત પકડવામાં બહુ કુશળ હતા. કોઈ પાપ, કોઈ અધર્મ, કોઈ ગુનેગા પ્રાયશ્ચિત કર્યા વગર ત્યાંથી પાછો ફરી શકતો નહિ.

મેઘા! મેઘા! મહાયોગીની પુણ્યકમળપર્ણી ભેટાણ નવું મોદ! મેઘા જગતની પ્રમદાનો અપૂર્વ બાગ! મેઘા વિશ્વ–વાસનાનું પ્રગટ સ્વરૂપ ઇંદ્રિયોની અને આત્માની!

મહાયોગીની દૃષ્ટિ સમક્ષ બ્રહ્માંડ નાચી રહ્યાં. જૂનું ચિત્ર નષ્ટ થઈ ગયું. એ વખતે પાને સુવાન હતા. ધર્મના રક્ષના નવા અનિક હતા.

રંગમંડળમાં નૃત્ય કરતી મેઘા સહસ્ત્ર મૂર્તિ નૃત્ય કરતી વખતે અગ્ન–નવ યોની એવી શોભા ભાગ્ય કરતી કે પ્રેક્ષકોના હૃદયમાં અધીરતા બની ઊઠતી. વાસનાના ભમેલા વમળમાં સધા હજા પરમાર્ગ–વણાવાની જેમ ઘૂમતા.

મેઘા બની અદાઓ પાળ કરતી, કે પુરુષ માત્ર એના ચરણ સ્પર્શમાં તેના એક સ્થાનમાં બની એક આનંદીના સ્વપ્નમાં સ્વર્ગનું સુખ માનતા. ઘણા કહેતા કે ભગવાન પામવા માટે નર્તકી અનેક અવતાર ધારણ કરવા પડે તોય સારા અમે છે!

તેને બાદ મન પામ્યું નહીં પ ... ન ... ધ અધનમ નૃત્ય ... ની આ નૃત્ય ... ન સુધાના ત્યાં વખર કરતા કરતા ... પણ પનિમ સ્પર્શીસુધા ન ... પણ કામનુર ... ધમડી ... પણ લેખી ન ... મેઘા આ ... તેના નામ પર ... ધામ ... કરી રેત.

ગગનના સામગ્રહ તથા નિમિષે ... ની ધ... વિરડી ઘણી સુવર્ણ મન ... ના પુરવડી ... રહ.

આહ! જગતમાં એકનું સુભાગ્ય એ જ બીજાનું દુર્ભાગ્ય છે! જગતમાં એકનું જીવન એજ ખરે બીજાનું મૃત્યુ!

તપસ્વીઓ આ વિચાર-ચિંતનમાં ઊંડા ઊતરી જતા અને મૌન બની જતા. એમના દિવસ ને રાત એમ ને એમ ઉજાગર ચિંતન અને ભૂખાભર્યાં વહી જતાં.

આ વેળા આમ્રવાટિકામાં કોયલના મીઠા સૂર કદીક એમને સાંત્વન આપતા. એ સૂરોમાં કંઈક શાન્તિ લાધતી. રૂપાળી કોયલને જોવા અને સાંભળવા આ તપસ્વીઓ આંબા-ડાળ નીચે જઈને સમાધિ લગાવતા.

કોયલનો કિન્નરકંઠ વગડામાં વેણુ બજવતો વાહ! કિન્નરકંઠી ઉગ્ર પ્રાણી! રૂપને બિલાડીનો ભય એમ રૂપને મગરના ભય સંસારની કિન્નરકંઠીઓ પ્રાણી ખાઈ જાય તો નવાઈનું કેવું જગત રૂપે! આ વખતે પાટનગરમાં સુંદર ગીતો ગાનારી કેઈ કેઈ નર્તકીઓ એમને યાદ આવતી.

સામાન્ય તપસ્વીને તો આવાં ચિંતન-મનન અનેક વાર થતાં, પણ આજે મહા આચાર્ય પુષ્પકલ્પને પણ થયાં.

તેમાં પોતાની પૂર્વ જિંદગીનું એક આખું અવલોકન કરી રહ્યા હતા એ વખતે એકાએક કોઈ રૂપ-તેજભરી સ્ત્રી-મૂર્તિ નજર સામે તરવરી રહી.

એ પાટલીપુત્ર નગરી.

નગરની એ પરમ સુંદર સ્ત્રી!

એનું નામ મહા નર્તકી મેઘા!

પ્રદર્શન કરતી, અને પોતાના પ્રાણપ્રિય પ્રાહકોને જેવા દામ તેવો માલ ધરતી.

ઓહ! બેલા! બેલા! મહાયોગી પુણ્યકામ્યપથી બોલાઈ ગયું

આ રીતે તો તું માત્ર તારા આત્માનો સર્વનાશ નથી કરતી! બલ્કે બીજા આત્માઓને પણ મલિનતાથી ભ્રષ્ટ બનાવી રે છે!

મહાયોગીએ આંખો મીચી. પોતાનો ભૂતકાળ યાદ આવ્યો. એકવાર એના પાશમાં ફસાતા ફસાતા ઈશ્વરકૃપાએ પોતે બચી જવા પામ્યા હતા.

એ દિવસે તે બેલાના દ્વાર પર જઈને જ અટકી ગયેલા, કારણ કે તે યુવાવસ્થાના ઉંબર પર હતા એટલે અંદર જવા જેટલી તેમનામાં હિંમત હતી નહિ! વળી સુલભ શરમ પણ હતી.

બીજુ કારણ તેમની પાસ ખિસ્સામાં એટલા પૈસા પણ નહોતા, કારણ કે તેમની માતા હંમેશા ધ્યાન રાખ્યા કરતી હતી કે પુત્ર મનનો કેવો ભાવ કરે છે

ઈશ્વરે આ બે સાધનો દ્વારા તેમને એ પાપના અગ્નિકુંડમાં પડતા એ વખતે બચાવી લીધા. પરંતુ એ સમયે આ અસીમ કૃપા માટે પોતે ઈશ્વરને ધન્યવાદ આપ્યા નહિ કારણ કે તે સમયે તેમના જ્ઞાનચક્ષુ બંધ હતા. તેમને એ વખતે ખબર નહોતી કે પોતે મિથ્યા અજ્ઞાન હમોહની પૂનમાં પડ્યા છે!

મહાયોગીએ પવિત્ર પ્રભુની યાદ કરી અને મનમાં

કોઈ કહેતું : મારા રૂપ સામે જો.

રૂપ માટે હું બેદરકાર છું. ગ્રાહકનું રૂપ ન જોવાય એનું સોનુ-રૂપુ જોવાય. મેના મિજાજખોરી હતી.

મારી જુવાની તો જો! કોઈ કહેતુ

તારી જુવાની જોઈ એના કરતાં મારી જુવાની ક્યા કમ છે? મેના કહેતી મારે મન વૃદ્ધ અને જુવાન એવા કોઈ ભેદ નથી. ભેદ છે રંક અને શ્રીમંતના. જે શ્રીમંત એ સદા જુવાન! જે ગરીબ એ સદા વૃદ્ધ!

મેના કોઈવાર કોઈ રમતીલા ગ્રાહકને પ્રશ્ન કરતી. લોકો કહેતા મેના! જરા વિવેક તો રાખ! પૈસો જ તારું સર્વસ્વ છે!

મહાશયો, કામવિકાર જ્યાં સુધી તમારુ સર્વસ્વ છે, ત્યા સુધી પૈસો મારુ સર્વસ્વ છે

આમ મેના ભારે મિજાજવાળી હતી. એને સવાલ-જવાબમા કોઈ હરાવી ન શકતુ લોકોને મારે તો એના સુંદર મિજુકને સ્પર્શવાના જ આ કામ હતાં.

મેના કહેતી જે દ્રાક્ષ પોતાને ન મળી એ ખાટી, આવા લોકસ્વભાવ છે જેઓ મારી નિંદા કરે છે એ મને મળ્યા નથી ત્યા સુધી. રાજાની સત્તા લોક પર ચાલે એનાથી મારી સત્તા વધુ ચાલે છે. માત્ર સૈનિકો–મારી અજેય સેના તમે જોઈ છે?

પછી નિર્લજ્જ મેના પોતાનાં અંગોનું નૃત્ય દાસ

ધીમે ધીમે આ મનોમૂર્તિનું મુખ વિકૃત થવા લાગ્યું. તેના હોઠના બન્ને ખૂણાઓ નીચા વળીને તેના હૃદયની આંતરવેદનાને જાણે પ્રગટ કરવા લાગ્યા. તેના વિશાળ નયનો આંસુથી ઊભરાઈ ઊઠ્યા. તેનું વક્ષઃસ્થલ ઉચ્છ્વાસોથી આંદોલિત બન્યું—જાણે કે તોફાન પહેલાની કોઈ હવા વાતાવરણમાં પ્રવેશી બેઠી. આ જોઈને પુષ્પકાશ્યપનું હૃદય એક મર્મવેદનાથી ઘેરાઈ ઊઠ્યું.

જમીન તરફ મસ્તક નમાવીને તે બોલ્યા:

કરુણાવતાર! જેમ પ્રભાતકાળે સર્વત્ર ઝાકળબિંદુઓથી ભીની બને છે, એમ તારી દયાથી અમારાં અંતઃકરણ ભીનાં બન્યાં છે. તે માટે તને હું નમન કરું છું. તું ધન્ય છે! તું મને એવી શક્તિ આપ કે શક્તિથી તારા જીવોને તારી દયાની જ્યોત સમજીને તેમની પ્રત્યે હું પ્રેમ રાખું. કેમકે સંસારમાં સર્વ કંઈ અનિત્ય છે, માત્ર તું જ નિત્ય છે. એ આ અભાગી સ્ત્રી પ્રત્યે મને પ્રેમ હોય, એની મને ચિંતા હોય તો તેનું કારણ કે એ પણ તારું જ નિર્મેલું રૂપ-રમકડું છે. સ્વર્ગનો દૂત પણ તેના પર દયાભાવ રાખે છે. ભગવન્! શું તારા જ્યોતિનો એ પ્રકાશ નથી? તું એને એવી શક્તિ આપ કે તે આ ભ્રષ્ટાચારમાંથી મુક્ત બને! તું દયાસાગર છે. તેના પાપ ખૂબ ઘોર છે, ઘૃણિત છે, તેની કલ્પના માત્રથી હું ધ્રુજી ઊઠું છું. પણ તે જેટલી પાપિષ્ઠા છે એટલી જ મારી ચિત્તવૃત્તિ તેના માટે વ્યથિત બની રહી છે. તેને નરકના દૂત અનંતકાળ પર્યંત બાળતા રહેશે, એ વિચાર મને ખૂબ વ્યગ્ર બનાવે છે.

નમાળ્યું યોગના નિયમો અનુસાર ખૂબ વાર સુધી તે પવિત્રતાનું સ્મરણ કરતા રહ્યા, કારણ કે એમણે મૂર્ખતા ને અંધકારના દિવસોમાં પોતાના ચિત્તને ઇન્દ્રિય-સુખભોગની ઇચ્છાઓથી અશિક્ષિત કર્યું હતું

કેટલાક કલાકો સુધી ધ્યાનમાં રહ્યા બાદ આચાર્ય પુણ્યાત્મ્યપનાં હૃદયનેત્રો ઊઘડ્યાં. તેની સાથે જ એક સ્પષ્ટ અને સજીવ મૂર્તિ સામે ખડી થઈ એમણે જોયું કે અત્યારે પણ નિલાની આ મનોમૂર્તિ પ્રથમની જેમ જ સ્વરૂપવતી અને અનુપમ હતી.

નિલા અત્યંત કોમળતાથી ગુલાબની શય્યા પર શિર ઢાળીને સૂતી હતી તેના સુંદર નેત્રોમાં એક વિચિત્ર આર્દ્રતા ને એક વિલક્ષણ જ્યોત હતા. તેની નમણી નમણાશથી હાલતી હતી, તેના પરવાળા જેવા અધર કલીની જેમ અર્ધખુલ્લા હતા, તેના હસ્ત કમલદાંડીની જેમ શ્વેત, કોમળ, [illegible] અને મુલાયમ હતા.

મહાયોગીએ એક વાર ચારે તરફ નજર ફેરવી. જોયું તો બહારનાં છ શિયાળોમાંથી એક શિયાળ તેમની પાસે આવીને બેસી ગયું હતું પોતાના મનની વાત શિયાળ પામી ગયું હોય એ રીતે તે પોતાની પૂંછડી હલાવી રહ્યું હતું

આ મનોમૂર્તિ જોઈને પુણ્યાત્મ્યપે પોતાની રીતે પશ્ચાત્તાપ કરતા કહ્યું

ભગવન્! તું મારો સાક્ષી છે કે હું પાપોને કેવા ઘોર અને ઘાતક સમજું છું

ધીમે ધીમે આ મનોમૂર્તિનું મુખ વિકૃત થવા લાગ્યું તેના હોઠના બન્ને ખૂણાઓ નીચા વળીને તેના હૃદયની આંતરવેદનાને જાણે પ્રગટ કરવા લાગ્યા. તેના વિશાળ નયનો આંસુથી ઊભરાઈ ઊઠ્યા. તેનું વક્ષઃસ્થલ ઉચ્છ્વાસોથી આંદોલિત બન્યું—જાણે કે તોફાન પહેલાની ઠંડી હવા વાતાવરણમા પ્રવેશી ઊઠી આ જોઈને પુષ્પકાસ્યપનું હૃદય એક મર્મવેદનાથી લોકાઈ ઊઠ્યું

જમીન તરફ મસ્તક નમાવીને તે બોલ્યા

કરુણાવતાર! જેમ પ્રભાતકાળે સર્વ ઘાસ ઝાકળબિંદુઓથી ભીની બને છે એમ તારી દયાથી અમારા અંતઃકરણ ભીના બન્યા છે તે માટે તને હું નમન કરું છું તું ધન્ય છે! તું મને એવી શક્તિ આપ જે શક્તિથી તારા જીવોને તારી દયાની જ્યોત સમજીને તેમની પ્રત્યે હું પ્રેમ રાખવું કેમક સંસારમાં સવ કંઈ અનિત્ય છે માત્ર તું જ નિત્ય છે જો આ અભાગી સ્ત્રી પ્રત્યે મને પ્રેમ હોય, એની મને ચિંતા હોય તો તેનું કારણ કે એ પણ તારું જ નિર્મેલું રૂપરમકડું છે સ્વર્ગનો દૂત પણ તેના પર દયાભાવ રાખે છે ભગવન્! શું તારા જ્યોતિનો એ પ્રકાશ નથી? તું એને એવી શક્તિ આપ કે તે આ ભ્રષ્ટાચારમાંથી મુક્ત બને! તું દયાસાગર છે તેનાં પાપ ખૂબ ઘોર છે ઘૃણિત છે તેની કલ્પના માત્રથી હું ધ્રુજી ઊઠું છું પણ તે જેટલી પાપિષ્ઠા છે એટલી જ મારી ચિત્તવૃત્તિ તેના માટે વ્યથિત બની રહી છે તેને નરકના દૂત અનંતકાળ પર્યંત સળગાવતા રહેશે, એ વિચાર મને ખૂબ વ્યગ્ર બનાવે છે

મહાયોગીએ તરત જ પોતાના મનને કાબુ કર્યું અને શિયાળ અદૃશ્ય બન્યું. તેમને એ વખતે ખ્યાલ આવ્યો કે આજ પહેલી વાર શિયાળરૂપી દુષ્ટાત્માએ પોતાની કુટિરમાં પ્રવેશ કર્યો હતો. તેમણે પોતાના ચિત્તની શાંતિ માટે એક નાની પ્રાર્થના કરી અને પુનઃ બેશાના ધ્યાનમાં પરોવાયા.

થોડી વારમાં યોગીના ચહેરા પર તેજ ચમકી રહ્યું કોઈ દૃઢ નિશ્ચય કરતા હોય તેવી તેમના મુખ પર રેખાઓ હતી. તેમણે પોતાના મનમાં નિશ્ચય કરી લીધો હતો કે ઈશ્વરે ચાહ્યું તો હું અવશ્ય કુષ્ઠની બેશાનો ઉદ્ધાર કરીશ.

ત્યારબાદ તેમણે વિશ્રામ કર્યો.

બીજે દિવસે ઉષાના ઉદય સાથે તેમની આંખો ખુલી ગઈ. તેણે તરત જ ઈશ્વરવંદના કરી અને સંત પાહમને મળવા જવાના થયા.

સંત પાહમનો આશ્રમ ત્યાંથી થોડે દૂર હતો.

સત પાલમ

[૩]

સંત પાલમ ખૂબ વૃદ્ધ હતા. તેમણે એક નાની કુટિરવાડી વાવી હતી. વનપશુઓ તેમની પાસે આવતા અને તેમના હાથ ચાટતા. દુષ્ટો એમના ચિત્તમાં ક્યારેય પેસી શકતા નહિ.

પુરુષાકાશ્યપે સંતને પ્રસન્ન ચિત્ત જમીન ખોદતા જોયા. તેમને વંદન કર્યાં.

ત્યાર બાદ તે બોલવા લાગ્યા : ઈશ્વર આપને શાંતિ આપે !

સંત પાલમ બોલ્યા : તને પણ ઈશ્વર શાંતિ આપે ! એટલું કહીને તેમણે પોતાની કફનીની બાંયો વડે કપાળે વળેલો પરસેવો લૂછી નાખ્યો.

ભગવન્ ! જ્યાં ઈશ્વર વિશેની ચર્ચા થતી હોય ત્યાં ઈશ્વર અવશ્ય હાજર હોય છે આપણો ધર્મ છે કે આપણા સંભાષણોમાં પણ ઈશ્વરની સ્તુતિ આપણે કર્યા કરીએ. અત્યારે હું ઈશ્વરની કીર્તિ પ્રસારિત કરવા માટે એક દરખાસ્ત લઈને આપની પાસે આવ્યો છું !

પ્રભુ, ખાસ બાગના છોડ પર જેવી ઈશ્વરની કૃપા ઊતરે છે તેવી કૃપા તારી એ દરખાસ્ત પર પણ ઊતરી રહો! તે રોજ પ્રભાતે મારી આ વાટિકા પર ઝાકળબિંદુઓની સાથે સાથે પોતાની દયાનું વર્ષણ કરે છે અને તેની દયાથી જ ઉત્પન્ન થયેલ વાડીના તરબૂચ અને કાકડી હું પ્રેમથી આરોગું છું. તેની આ અસીમ દયાનો હું જય જયકાર ઉચ્ચારું છું.

સંત થોડી વાર આંખો મીંચીને ઊભા રહ્યા, ને ફરી બોલવું શરૂ કર્યું : તેને એવી વિનંતિ કરવી જોઈએ કે તે સદા આપણને પોતાની દયાની છાયામાં રાખે, કારણ કે મનને ઉદ્વિગ્ન કરનાર થાકણ કપાયો ને વિષયોના દુરાવેગો કરતાં અધિક ભયંકર વસ્તુ બીજી કોઈ નથી. જ્યારે આવો દુરાવેગ જાગ્રત થાય છે ત્યારે આપણે નશાબાજ જેવા બની જઈએ છીએ. આપણા પગ લથડવા લાગે છે અને એમ લાગે છે કે હમણાં આપણે ગબડીશું ખાઈ જમીન પર પટકાઈ પડીશું. કોઈ કોઈ વાર આવા મનોવેગોને વશ બની જઈએ છીએ, પરંતુ કોઈ કોઈ વાર એમ પણ બને છે કે આત્મવંચના અને ઇંદ્રિયોની અશાંતિ આપણને નિરાશાના નરકમાં ડુબાડીને છે—જે સુખભોગ કરતાં પણ વધુ વિનાશક છે. સંત બોલ્યા ને વળી થોડીવારે બોલ્યા.

પ્રભુ! હું એક મહાન પાપી પ્રાણી છું. પરંતુ મને મારા દીર્ઘ જીવનકાળમાં એ અનુભવ થયો છે કે યોગી માટે આ મલિનતા કરતાં કોઈ મોટો અને અન્ય શત્રુ નથી. મારો એવો અભિપ્રાય છે કે આવી અસાધ્ય ઉદાસીનતા અને શોક

ધુમ્મસની પેઠે આત્મા પર એક પડદો નાખે છે અને ઈશ્વરની પવિત્ર જ્યોતને આત્મા સુધી પહોંચવા દેતા નથી.

મુક્તિના માર્ગમાં હૃદયનિગ્રહના જેવું અવરોધક તત્ત્વ અન્ય કોઈ નથી. અને અસુરતાની સૌથી મહાન જીત એ છે કે તે એક સાધુપુરુષના હૃદયમાં એક મુગ્ધ અને મલિન વિચાર અંકુરિત કરી શકે! જો તેઓ આપણા પર પ્રતિકૂળ દુઃખો ને ઉપસર્ગોથી પ્રહાર કરે તો તો બહુ ચિંતા નથી, પણ મનોહર પ્રલોભનાથી જ આક્રમણ કરે તો એ બહુ ભયની વાત ગણાય છે. પણ હા, પુરુષ! તું કઈ દરખાસ્તની ચર્ચા કરતો હતો?

સંત પાઘ્મ! મારી દરખાસ્તનો એક જ ઉદ્દેશ છે ઈશ્વરની મહત્તાને ઉજ્જ્વળ કરવાનો. તમે તમારી સાચી સલાહનું તેમાં બળ પૂરજો. તમે શક્તિમાન સંત છો અને પાપ તમારી સમક્ષ આવવાને અસમર્થ છે

પુરુષ, હું તારા ચરણની રજ માથે ચડાવવા જેટલો પણ લાયક નથી. અને મારા પાપના કર્યાં રણની રેતીના કણ કરતાં પણ અધિક છે પણ હું ઉંમરવાન છું અને મને વધુ અનુભવો છે તેથી હું સહર્ષ તારી સેવા કરવા તત્પર થયો છું

તો હું આપને સંકોચ વિના કહું છું કે હું પાટલીપુત્રવાસિની મિત્રા નામની એક નર્તકીની અધોગતિથી ખૂબ દુઃખિત છું તે સમસ્ત શહેરને માટે કલંકરૂપ છે

અને પોતાના આત્મા સાથે બીજા કેટલાયે આત્માઓનો સર્વનાશ કરી રહી છે.

પુણ્ય ! આ એક એવી વાત છે કે જેના પર આપણે જેટલાં આંસુ પાડીએ એટલાં ઓછાં છે. મનુષ્યસમાજમાં કેટલીયે રમણીઓનાં જીવન એવાં જ પાપમય હોય છે. એ દુરવસ્થા નિવારવા માટે તે એવી કોઈ યોજના વિચારી છે ખરી ?

પુણ્યપ્રકાશ બોલ્યા, બંધુવર પાપમ, હું પાટલીપુત્ર જઈશ, એ વારાંગનાની તપાસ કરીશ અને ઈશ્વરની કૃપાથી તેનો ઉદ્ધાર કરીશ. આ મારો સંકલ્પ છે. આપને આ ઉચિત લાગે છે ?

પાપમ બોલ્યા : 'હું તો એક અધમ જીવ છું. છતાં આપણા પૂજ્ય ગુરુનું કથન હતું કે માણસે જગતને સુધારવાની ઉતાવળ કરવી જોઈએ નહિ !

પુણ્યપ્રકાશ બોલ્યા : પૂજ્ય બંધુ, તો આપને મારો પ્રસ્તાવ ગમ્યો નહિ, કેમ ?

પાપમે કહ્યું : પ્રિય પુણ્ય ! હું ઈચ્છું છું કે મને ઈશ્વર એક ધર્મઝનુના વિરુદ્ધ ભાવો પ્રત્યે ક્ષમા કરતો ન બનાવે. પણ આપણા પવિત્ર ગુરુનું આ પણ કથન હતું કે જેમ માછલીઓ સૂકી ભૂમિ પર મરી જાય છે એમ જે સાધુ પોતાની કુટિર છોડીને સંસારનાં પ્રાણીઓ સાથે હળતો મળતો રહે છે તે પણ માછલીઓ જેવી સ્થિતિ

અનુભવે છે એ સ્થિતિમાં ભક્તાની કોઈ આશા રહેતી નથી. દીવો ક્યાય જતો નથી. પોતાની પ્રભાથી એ પતંગને આકર્ષે છે

આટલું કહીને સત પાક્ષમે ફરી વાર કોદાળી હાથમાં લીધી અને એક ફૂગથી ઘેરેલા અંજીરના વૃક્ષની આસપાસની જમીન ખોદવા માંડી.

એવામા ઝાડી પછવાડેથી કશોક અવાજ આવ્યો અને એક હરણું વાડ ઠેકીને બગીચાની અંદર આવ્યું ભયથી તે સ્તબ્ધ બન્યુ હતુ તેના પગ ધ્રૂજતા હતા. તે સત પાક્ષમની પાસે આવ્યુ; તેણે પોતાનુ મસ્તક સત પાક્ષમની છાતીમા છુપાવી દીધુ

સત પાક્ષમે કહ્યુ કેવા સુંદર વનપશુઓ!

ત્યારબાદ સત પાક્ષમ પોતાની કુટિરમા ચાલ્યા ગયા. હરણુ પણ તેમની પાછળ ગયુ અને તે જુવારનો એક પોટલો કાઢીને હરણને ખવડાવ્યો.

પુષ્પકામ્બપ કંઈ વાર સુધી વિચારમગ્ન રહ્યા. તેમની આંખો પોતાના પગ પાસે પડેલા પથ્થરો પર સ્થિર હતી.

થોડીવાર બાદ તેઓ સત પાક્ષમની વાતો પર વિચાર કરતા ધીમે ધીમે પોતાની કુટિર તરફ ચાલ્યા. તેમના ચિત્તમા અત્યારે એક ભીષણ સંગ્રામ ચાલી રહ્યો હતો.

તમણે વિચાર્યું સત પાક્ષમની સલાહ સાચી જણાય છે તે ફરેફથી છે તેમને મારા સંસ્કારના ઔષધિઓમા શ્રદ્ધા છે છતા બેકાને ધાતક વિશ્વાસના હવાલે કરી દેવી તે એક

પ્રમાદની ઘોર નિર્દયતા જ દેખાશે. ઈશ્વર મને સુબુદ્ધિ અને પ્રકાશ આપ.

આગળ ચાલતાં તેમણે પારધીએ બિછાવેલ જાળ જોઈ. એક તેતરીને એમાં ફસાયેલી જોઈ. તે તેતરી જ હતી જોઈએ ફરતું કે તેણે એક જ ક્ષણમાં તેતરને જાળની પાસે ઊડતો અને જાળના દોરડાઓ ચાંચથી કાપતો જોયો. તેણે એટલા પ્રમાણમાં દોરા કાપ્યા કે જેમાંથી તેતરી બહાર આવી શકે.

પુણ્યકાશ્યપે આ સઘળું ખૂબ અન્વેષણની દૃષ્ટિથી જોયું અને પોતાની જ્ઞાનશક્તિથી ને મહાબુદ્ધિથી તેની પાછળ રહેલો આધ્યાત્મિક સંકેત સમજી ગયા.

તેતરીના રૂપમાં જેવા હતી, જે પાપજાળમાં ફસાયેલી હતી. અને તેતરે તે જાળ કાપીને તેતરીને મુક્ત બનાવી હતી. તે રીતે પોતે પણ જેવાને ધર્મોપદેશ અને યોગના બળથી પાપમુક્ત બનાવશે.

મહાયોગીને થયું કે પોતાના મહાપને કુદરતે આ દૃષ્ટાંત સંમતિ આપી છે. તેમણે ઈશ્વરને ધન્યવાદ આપ્યા. પુણ્યના પુણ્યમાર્ગ હવે વધુ દૃઢ થયા.

જ્યાં તેમણે ફરીવાર જોયું તો તેતરીને જાળમાંથી મુક્ત કરનાર તેતરો પણ જાળમાં ફસાયેલો દેખાયો. વળી ફરીવાર તે ભ્રમમાં પડી ગયા.

એ જોઈને મન તેમણે ય આ દૃશ્યોને જ ધ્યાન કરી. ઉપવાસમાં પુણ્યે એક સ્વપ્ન જોયું. જેમાની મૂર્તિ ફરીવાર

તેમની સામે ખડી થઈ તેના મુખચંદ્ર પર કલુષિત વિલાસની આભા નહોતી. તેણે પોતાના સ્વભાવ અનુસાર રક્તરંજિત વસ્ત્રો પહેર્યાં નહોતા. તેના શરીર પર એક લાંબી પહોળી ચાદર હતી અને એમાં જ તેનું મોં ઢંકાયું હતું એ ચાદરમાંથી તેની અણિયાળી બે આંખો જ માત્ર દેખાતી હતી.

આ સ્વપ્ન જોઈને પુરુષાભાસ શોકથી વિહ્વલ બનીને રડવા લાગ્યા. આ પણ દૈવી આદેશ છે એવો વિશ્વાસ ચિત્તમાં લાવીને તે ફરીવાર સ્વસ્થ બન્યા.

—ને તરત જ બેઠા થયા. હાથમાં લાકડી લઈને કુટિરના બારણા બહાર નીકળ્યા. બહાર નીકળીને તેમણે કુટિરનું બારણું બંધ કર્યું. રખેને કોઈ રજનું પાપી અંદર જઈને ધર્મગ્રંથોને સ્પર્શ કરીને દૂષિત બનાવે.

વૈખાનસ

[૧]

આચાર્ય ગુરુએ મહાપ્રસ્થાન કરવું ... [illegible] નામના શિષ્યને બોલાવ્યા અને તેને પોતાના ... પછી ... આચાર્યપદ અર્પણ કર્યું

[illegible] નદી [illegible] પ્રયાણ કર્યું ... અને ... [illegible] ... તે ... [illegible] કર્યું નદીની સમીપ આવી પહોંચ્યા [illegible] ... દતો, અને નદીના ... [illegible]

આચાર્ય [illegible] નદીના કિનારે કિનારે ચાલ્યા કર્યું [illegible] ... અને ઉપવાસ ... [illegible]

[illegible]

કે ન તો વન્યપશુઓનો. તેમને ડર હતો શહેર કે ગામડાની વસ્તીનો અને એ જ કારણે તે શહેર કે ગામડાને આવરીને ચાલતા.

તેમને ભય હતો કે ક્યાંક કોઈ બાળકવૃંદ તેને સંતા કૂકડીની રમત રમતું જોઈ ન જાય! અથવા તો કુવાકાંઠે પાણી ભરતી પનિહારીઓનો તેમને જોઈ ન જાય—કે ? પનિહારીઓ તેમનો પરિહાસ કરે!

યોગી માટે આ વસ્તુઓ ભયસ્થાનરૂપ છે. કોણ જાણે ક્યારે ભૂતપિશાચ યોગીઓનાં કાર્યમાં વિઘ્ન નાખી દે! યોગીઓની આચરણવાટિકાનું પુષ્પ જેટલું સુંદર હોય છે તેટલું જ એ કોમળ હોય છે—તે એટલે સુધી કે સંસાર-વ્યવહારની એક લહેર પણ તેને એરવી નાખે છે. તેની મનોરમ શોભાનો વિનાશ કરે છે. આ કારણોથી આચાર્ય પુરુષ નગરો અને ગામડાથી દૂર રહેતા અને વિજન માર્ગનો આશ્રય લેતા.

તે નિર્જન વાટે ચાલતા રહ્યા. સંધ્યા સમયે પક્ષીઓનો મધુર કલરવ સંભળાવા લાગતો અને પવનની મંદ મંદ લહેરો આવવા લાગતી કે તરત જ તે પોતાની કાન ટોપીને આંખ પર લાવી મૂકતા, કે જેથી તેના પર પ્રકૃતિ સૌંદર્યનું જાદુ કશી અસર મૂકી શકે નહિ.

એક મધ્યાહ્ન બાદ તે એક જાણીતા સ્થાન પર આવી પહોંચ્યા. તે જગામાં ગંગા નદી સખત પથ્થરોની હાર વચ્ચે થઈને વહેતી હતી. તેના કિનારે આવેલી આ ટેકરીઓ

પર નાગા લોકોએ એમની ભૂતપૂજાના દિવસોમાં મૂર્તિઓ કોતરી હતી.

આચાર્ય પુરુષ એક ખડકમાં સ્ત્રીના મુખવાળી અને સિંહના અંગવાળી એક કોતરેલી મૂર્તિ જોઈ. આ મૂર્તિમાં પણ અલખ કોઈ ચેતાની તત્ત્વ થયું હોય એમ માનીને તેમણે ઈશ્વરસ્મરણ કર્યું. તત્કાળ તેમણે મૂર્તિના કાનમાંથી એક ચામાચીડિયાને જતું જોયું. તેમણે વિશ્વાસપૂર્વક માન્યું કે એ એક આસુરી તત્ત્વને કે જે સેંકડો વર્ષોથી આ મૂર્તિમાં અડ્ડો જમાવીને બેઠું હતું તેને ઉડાવી દીધું.

આચાર્ય પુરુષના ધર્મોત્સાહમાં વૃદ્ધિ થઈ. તેમણે એક પથ્થર લઈને મૂર્તિ પર ફેંક્યો. પથ્થર વાગતાં જ મૂર્તિનું મુખ એવું શ્યામ બની ગયું કે આચાર્ય પુરુષને તેના પર બહુ દયા આવી. તેમણે એ મૂર્તિને સંબોધીને કહેવા માંડ્યું:

હે પ્રેત! તું પણ અન્ય પ્રેતોની માફક ઈશ્વર પર વિશ્વાસ લાવ અથવા જ્યોતિના નામ પર તારો ઉદ્ધાર કરીશ.

આ વાક્ય સમાપ્ત થયું કે તે જ ક્ષણે આખી મૂર્તિમાંથી એક અગ્નિશિખા પ્રકટ થઈ. તેની પાંખો ફફડવા લાગી અને તેના પાષાણમુખમાંથી પ્રભુના નામનો ધ્વનિ બહાર આવ્યો—અથવા આચાર્ય પુરુષના શબ્દો જ પ્રતિધ્વનિત થતા ન હોય! આથી આચાર્યે પોતાનો જમણો હાથ ઊંચો કરીને તે મૂર્તિને આશીર્વાદ આપ્યા.

આ રીતે પાષાણમુખમાં ભક્તિના બીજનું આરોપણ કરીને આચાર્ય પુરુષે પોતાના માર્ગે આગળ ચાલવા માંડ્યું

થોડું અંતર કાપ્યા બાદ ખીણ વધારે પહોળી જણાઈ ત્યાં તેમણે મહેશના કોઈ ચિત્રો પણ જોયાં. તેમાં દૈવી કારીગરીનું દર્શન થતું હતું. સ્તંભ પર સ્ત્રીના મુખવાળા મસ્તક પણ અને ગાયના શિંગડાવાળી આ મૂર્તિઓ પર તેમણે એક બીજી ઉદ્ધારક દૃષ્ટિ નાખી.

સત્તર દિવસ સુધી આચાર્ય પુત્રે ચાલ્યા કર્યું. ભૂખથી વ્યાકુળ બનતા ત્યારે જે મળે તે ખાઈ લેતા અને રાતે કોઈ ખંડિયેરમાં, વનની ભિલડીઓ અને ધોળા ઉંદરોની વચ્ચે જઈ રહેતા. કાળિયા પૂછડાવાળી સ્ત્રીઓ પણ તેમને જોવા મળતી, પણ તેમને ખબર હતી કે તે સ્ત્રીઓ નારકીની સ્ત્રીઓ છે અને તેને એ પવિત્ર સ્તોત્ર-સ્મરણથી ભગાડી મૂકતા.

અઢારમે દિવસે વસ્તીથી ઘણે દૂર રહેલી એક ઝૂંપડી તેમના જોવામાં આવી. તે ખજૂરીના પાંદડાની બનાવેલી હતી અને તેનો અર્ધો ભાગ દટાયેલો હતો.

આચાર્યને થયું કે આની અંદર જરૂર કોઈ સાધુસંત રહેતા હશે જ એ. તેમણે એ બારણા વિનાની ઝૂંપડી પાસે જઈને અંદર જોયું તો એક ઘડો, એક મૂઠાવાળો દંડ અને સૂકા ઘાસની બનાવેલી એક પથારી, એટલી વસ્તુઓ જોઈ. તેમને થયું જરૂર આ કોઈ સંતની કુટિર લાગે છે. તે સંતનું હમણાં જ મને દર્શન થશે. અમે બન્ને આસપાસ ઘમ સ્તોત્રોનું પવિત્ર ઉચ્ચારણ કરીશું અને દૈવ જો કોઈ પક્ષી દ્વારા એકાદ રોટલાનો ટુકડો અમારી પાસે ફેંકશે તો અમે સાથે બેસીને ભોજન કરીશું.

આમ મનમાં વિચાર કરતા કરતા તે મંદિરને શોભાવતી કુટિરની પ્રદક્ષિણા કરવા લાગ્યા. તેમણે આ સો કામ અર્ધાં કરી એટલામાં નદીના કિનારે પદ્માસન વાળીને બેઠેલો એક માણસ તેમની દૃષ્ટિએ પડ્યો. તે માણસ નગ્ન હતો. તેના માથાના અને દાઢીના વાળ શ્વેત થઈ ગયા હતા અને તેના શરીરનો વાન પાકેલી ઈંટ જેવો પણ વધુ પીળો લાલ હતો.

પુણ્યે સાધુઓમાં પ્રચલિત શબ્દો દ્વારા તેનું અભિવાદન કર્યું : 'બન્ધુ! ભગવાન તમને શાંતિ અર્પે! તમે એક દિવસ સ્વર્ગને પ્રાપ્ત કરો!'

પણ પેલા વૃદ્ધ પુરુષે કશો ઉત્તર આપ્યો નહિ તે અચલ રહ્યો—જાણે તેણે કશું સાંભળ્યું જ નથી. પુણ્યે માન્યું કે તે ધ્યાનમગ્ન હશે. આથી ઘૂંટણિયાં ભર રહીને, હાથ જોડીને સાંજ સુધી ત્યાં બેસી રહીને તેમણે ઈશ્વરની પ્રાર્થના કરી. પણ પેલો સાધુ તો હજી પણ ધ્યાનમગ્ન જ હતો. આથી તે બોલ્યા : 'જો આપની સમાધિ પૂરી થઈ હોય તો ભગવાનના નામ પર આશીર્વાદ આપો.'

પુણ્ય સામે જોયા વિના વૃદ્ધ પુરુષે કહ્યું : 'હું તારી વાત સમજ્યો નથી. ભગવાન કોણ છે?'

આચાર્ય પુણ્ય આ સાંભળી વિસ્મિત બન્યા ને બોલ્યા : 'અરે જેનો મહર્ષિઓએ જય ગાયો, જેના નામ પર લાખો આત્માઓએ બલિદાન આપ્યાં તેને આપ જાણતા નથી? આ સંભવિત કેમ લાગે?'

'હા, મિત્રવર્ય એ સંભવિત છે. જગતમાં જો કંઈ

નિશ્ચિત જેવું હોય તો આ વાત પણ નિશ્ચિત જ છે

આચાર્ય પુરુષ આ માણસના આવા ઘોર અજ્ઞાન પર બહુ વિસ્મિત અને દુઃખી બન્યા. તે બોલ્યા : જો આપ ભગવાનને ન જાણતા હો તો તમારા આ બધા ધર્મકર્મ નિરર્થક છે. તેનો કશો અર્થ નથી. તમે ક્યારેય મોક્ષ પ્રાપ્ત કરી શકશો નહિ.

વૃદ્ધ બોલ્યો : કર્મ કરવું અને કર્મથી પાછા હઠવું એ બન્ને વ્યર્થ છે. આપણે જીવીએ કે મરીએ—એ બન્ને વચ્ચે કશો ભેદ નથી.

આચાર્ય પુરુષ બોલ્યા : શું...શું ? તમને શાશ્વત સુખની આકાંક્ષા નથી ? પણ પહેલાં મને એ જણાવો કે આપ તપસ્વીઓની જેમ પેલી મુક્તિમાં રહેતા નથી ?

એવું લાગે છે ખરું.

આપ વિરક્ત-વનવાસી પણ વિરક્ત છો એ તો ખરું ને ?

હા, એમ લાગે છે.

તમે શું ઇચ્છાઓનું દમન નથી કરતા ?

હા, એમ લાગે છે ખરું.

આપે શું સંસારના આશાભોગનો ત્યાગ નથી કર્યો ?'

હા, એમ લાગે છે મેં એ મિથ્યા વસ્તુઓનો ત્યાગ કરી દીધો છે—કે જે વસ્તુઓ પર સંસારીઓ પોતાનો જીવ આપે છે.

તો આપ બધી રીતે જોવાથી, ત્યાગી અને શુદ્ધાચરણવાળા છો; કિન્તુ મારી જેમ આપે ઈશ્વરની ભક્તિ અને શાશ્વત સુખની અભિલાષાથી આ વ્રત ધારણ કર્યું નથી. અગર જો આપને ભગવાન પર વિશ્વાસ નથી તો આપ સાત્વિક શા માટે બન્યા? આપને સ્વર્ગની અભિલાષા નથી તો આપ સંસારના પદાર્થોનો ઉપભોગ કેમ નથી કરતા?

વૃદ્ધ પુરુષે ગંભીરતાપૂર્વક ઉત્તર આપ્યો: મિત્ર, મેં સંસારની ઉત્તમ વસ્તુઓનો ત્યાગ કર્યો નથી, અને મને એ વાતનો ભય છે કે મેં જે જીવનપથ ગ્રહણ કર્યો છે તે સામાન્ય રીતે સંતોષજનક છે; છતાં યથાર્થ તો એ છે કે સંસારમાં ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ, સાધુ કે અસાધુ, એવો જીવનનો ભેદ જેવો એ જ મિથ્યા છે. કોઈ વસ્તુ ખરે સારી કે ખરાબ, સત્ય કે અસત્ય, હાનિકર્તા કે લાભકર્તા, સુખવાળી કે દુઃખવાળી હોતી નથી. આપણો વિચાર વસ્તુઓને આ ગુણોથી યુક્ત કરે છે. જેવી રીતે મીઠું ભોજનને સ્વાદનું પ્રદાન કરે છે તેમ.

યુવક બોલ્યા: તો શું આપના મત અનુસાર સંસારમાં કોઈ વસ્તુ ખરાબ નથી? મારે કહેવું જોઈએ કે તો આપ બીજા મૂર્ખાની જેમ આ ભ્રમમાં પડ્યા રહ્યા છો, અજ્ઞાનના અંધકારમાં આપનું જીવન વ્યર્થ નષ્ટ કરી રહ્યા છો.

મિત્ર, મૂર્ખાઓનો કે અજ્ઞાનીઓનો–કોઈનો પણ દોષ બતાવવો એ નિરર્થક છે. આપણી અને મૂર્ખાઓની વચ્ચે શો ભેદ છે એ આપણે જાણતા નથી. આપણને કોઈ વસ્તુનું લેશમાત્ર જ્ઞાન નથી.

તો આપ શું કોઈ આત્મવાદીઓમાંના માણસ છો? આપ શું નિર્બુદ્ધિ, કર્મહીન સંપ્રદાયના છો? તે લોકો સૂર્યના પ્રકાશમાં અને રાત્રિના અંધકારમાં કોઈ ભેદ જોઈ શકતા નથી.'

હા મિત્ર, હું એવો જ છું અને એ જ આત્મજ્ઞાનમાં શાંતિ મળી છે તમે જરા પછી મને કહી શકો. કેટલીક વખત એક જ વસ્તુ ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરે છે આ વિશાળ મિનારાઓ તરફ જુઓ. પ્રભાતના પીળા પ્રકાશમાં તે કેસરની કળીઓ જેવા લાગે છે સંધ્યા સમયે સૂર્યનો પ્રકાશ નીચે જાય છે અને તે વખતે એ જ મિનારાઓ કાળી કાળી ત્રિશૂળો જેવા દેખાય છે. આ બેમાંથી એમનું સાચું સ્વરૂપ કયું તે કોણ કહી શકે? આકાશ તરફ જુઓ! કોઈકવાર તે પોતાની તેજસ્વિતાથી કુંદનને પણ શરમાવે છે તો, એ જ વાદળોની કાલિમા કોઈકવાર અંધકારને પણ મહાન કરે છે એના સાચા સ્વરૂપને કોણ ઓળખી શકશે? સૂર્ય મને જ્યોતિર્મય દેખાય છે પરંતુ તેના તત્ત્વને હું જાણી શકતો નથી. હું અગ્નિને સળગતો જોઈ શકું છું પણ તે શાથી સળગે છે તે હું જાણતો નથી. અને મિત્ર! તું મારી વ્યર્થ ચિંતા કરે છે. મારું કોઈ માન કરે કે મારી કોઈ નિંદા કરે તેની પણ મને કંઈ પડી નથી.

આચાર્ય પુરુષે પુનઃ પ્રશ્ન કરી 'સારું, બીજી એક વાત બતાવો. આપ આ નિર્જન વનમાં મળ્યું તો ખાધું ન મળ્યું તો ન ખાઈને શા માટે જીવન ગુમાવો છો? આ કષ્ટ તમે શા માટે ભોગવો છો? આપની જેમ હું પણ એકાન્તવાસ સેવું છું અને ઇન્દ્રિયોનું દમન કરું છું પણ

આ બધું હું ઈશ્વરને પ્રસન્ન કરવા અને શાશ્વત સુખની પ્રાપ્તિ માટે કરું છું પરલોકના સુખ માટે આ લોકમાં કષ્ટ વેઠવું એ બુદ્ધિસંગત છે તેનાથી વિપરીત રીતે દેહ-દમન કરવું, તપ કરવું, આકરાં વ્રત આદરવાં એ બધું મૂર્ખાઈ જ છે મને એ શ્રદ્ધા ન હોત, આચાર્ય પુરુષ બોલ્યા ને આકાશ તરફ અંજલિ કરતા દીન બનીને બોલ્યા,

હે ઈશ્વર આ વચનો માટે મને ક્ષમા આપજે—જો મને એ સત્ય પર વિશ્વાસ ન હોત કે સત્ય ઈશ્વરે મહર્ષિઓની આપવાણી દ્વારા, તેના અવતારોના આચરણ દ્વારા, તેની ધર્મસંસ્થાઓ દ્વારા અને મહાન પુરુષોના બલિદાનો દ્વારા આપણને શીખવ્યું છે આત્માની મુક્તિ માટે દેહદમન આવશ્યક છે, એ સત્ય વિષે હું તમારી પેઠે અજ્ઞાની રહ્યો હોતતો તરત જ હું સંસારીઓની જેમ સુખભોગ ભોગવત અને વિલાસની દેવીને કહેત કે આવ આવ, તારી પ્યાલીમાંથી ટપકતાં મધુબિંદુઓ મને ચૂસવા દે! મારા ખુલ્લા હોઠ પર તારાં મસ્ત ચુંબન વરસવાની દે! તારું સૌંદર્ય ને તારી સુવાસનો મને લહાવો લેવા દે! આચાર્ય બોલ્યા. વેગથી બોલતાં એમને પરસેવો વળ્યો હતો. થોડી વારે આગળ ચાલ્યું

ત્યારે તમે કેટલા મૂર્ખ છો! ક્યા જ લાભ વિના આ બધી વસ્તુઓનો ત્યાગ કર્યો! કોઈ લાભની આકાંક્ષા વિના તમે આ બધું કષ્ટ ઉઠાવો છો! તમે અમારા જેવા તપસ્વીઓને સમજ્યા વિના અમારું ખોટું અનુકરણ કરો છો. ચિત્ર-કારની નકલ કરીને ચીતરવાના રંગોને ચોપડનાર વાનર પોતાની જાતને ચિત્રકાર માને, તેના જેવી તમારી સ્થિતિ

છે બોલો આનો તમારી પાસે શો જવાબ છે?

વૃષિ આચાર્યના લાંબા ભાષણનો કંઈ જવાબ ન આપ્યો. આ ભાષણથી કંઈ ખોટું લાગ્યુ હોય તેમ પણ ન જણાયુ અલકે એ વૃદ્ધ પ્રુશમિતભરથી આચાર્યની સામે જોઈ રહ્યો.

આચાર્ય પ્રુષ્યનો ઉદેશ આ વૃદ્ધ પુરુષને ઇશ્વરનો ભક્ત બનાવવાનો હતો, એટલે થોડીવારમા તેમનો ક્રોધ શમી ગયો તે નમ્રભાવે બોલવા લાગ્યા મિત્રવય મારો ધર્મોત્સાહ મને હદ બહાર લઈ ગયો હોય તો મને માફ કરો. ઇશ્વરસાક્ષીએ કહુ છુ કે હુ આપને નહિ, આપની ભ્રાતિઓને તિરસ્કારુ છુ આપને આવા અધકારમા સબડતા જોઈને મને ખૂબ હૃદયવેદના થાય છે અને આપના ઉદ્ધારની ચિંતા મારા રોમેરોમમા વ્યાપ્ત બને છે આપ મારા પ્રશ્નોના જવાબ આપો. હુ તમારી ભૂલો બતાવવા ખૂબ ઉત્સુક છુ

વૃષિ શાંતિથી કહ્યુ

મારે મારે બોલવું કે મૌન રાખવું બન્ને સરખુ છે તું પૂછે છે ત્યારે સાંભળ. કથા પ્રસંગોથી મે આ સાત્વિક જીવન ગ્રહણ કર્યુ તે હુ રજૂ કરુ છુ મને તારામા જિજ્ઞાસા નથી એટલે તારાં પ્રશ્નો વિશે હુ તને પૂછીશ નહિ. મને તારી વેદના કે શાંતિ સાથે કશી જ નિસ્બત નથી તુ મને શુ સમજે છે તેની પણ મને પરવા નથી. મને કોઈ તરફ પ્રેમ નથી કે ઘૃણા પણ નથી. બુદ્ધિમાન પુરુષોએ કોઈ પણ પ્રતિ મમત્વ કે દ્વેષ રાખવા જોઈએ નહિ. પણ તારી જિજ્ઞાસા જોઇને ઉત્તર આપવો તે મારુ કર્તવ્ય છે

વૃદ્ધે આટલું કહી આગળ બોલવું શરૂ કર્યું.

સાંભળ, મારું અસલ નામ સેન છે. મારા માતાપિતા ધનિક સોદાગર હતા. અમારે ત્યાં વહાણવટાનો મોટો ધંધો હતો. મારા પિતા મહાન સિકંદરની જેમ ચતુર અને કાર્યકુશળ હતા. પણ તેઓ એના જેટલા લોભી નહોતા.

મારે બે ભાઈ હતા. એક મારાથી નાનો, એક મારાથી મોટો. તેઓ પણ વહાણોનો જ વેપાર કરતા હતા. મને વિદ્યાનો શોખ હતો. મારા મોટાભાઈને એક ધનિક યુવતી સાથે લગ્ન કરવા હતાં. મારા પિતાએ એમાં અવરોધ નાખ્યો, જેથી તે અસ્થિર મગજનો થઈ ગયો. તે દરમ્યાન મારો નાનોભાઈ તે યુવતી સાથે અનુચિત સંબંધ બાંધી બેઠો.

પણ તે યુવતી આ બન્ને બંધુઓમાંથી કોઈને પણ ચાહતી નહોતી. તેને એક ગવૈયા સાથે પ્રેમ હતો. એક દિવસ આ ભેદ ખુલી ગયો.

બન્ને ભાઈઓએ મળીને તે ગવૈયાને મારી નાખ્યો. પેલી યુવતી શોકથી અવ્યવસ્થિત ચિત્તવાળી બની ગઈ. આ ત્રણે અભાગી લોકો બુદ્ધિને વાસનાની વેદી પર ચડાવીને, શહેરની ગલીઓમાં ફરવા લાગ્યા, નગ્ન, મોટા વાળવાળા, મોટેથી પુકાર બોલાવતા, કૂતરાની જેમ ભટકવા લાગ્યા. છોકરાઓ એમની પર પથ્થરો ફેંકતાં અને એમની પાછળ કૂતરા દોડાવતા. અન્તે તેઓ મરણ પામ્યા.

મારા પિતાએ એમને કબરમાં દફનાવ્યા. ત્યારબાદ મારા પિતાને પણ એક રોગ થયો. રોગને લીધે એમનાથી

અન્ન કે જળ લઈ શકતા નહોતા દેશના તમામ બાળકોનું અનાજ ખરીદી શકે એટલી લક્ષ્મી હોવા છતા આ રીતે ભૂખથી અને દુ ખથી પીડાઈને તે મરણ પામ્યા

આખરે હું અઢળક ધનનો વારસદાર બન્યો. એ પત્તિનો ઉપયોગ દેશાટન કરવામા કરવો એવો મે વિચાર કર્યો. અનેક દેશોની યાત્રાઓ પણ મે કરી. એમા મે હંમેશા સુખી માણસની શોધ કરી, સાચા જ્ઞાનીને શોધવા રાત-દહાડા એક કર્યાં પણ અફસોસ મને એક પણ માણસ એવો ન મળ્યો કે જે સાચો સુખી કે ખરો જ્ઞાની હોય!

હું આશ્રમોમા ગયો મે ધ્યાનનો અભ્યાસ કર્યો, પણ ઘડીમાં ગજ લાંબી–ઘડીમા બે ગજ પહોળી તેમની દલીલો સાંભળી સાંભળીને મારી બુદ્ધિ જાણે બહેર મારી ગઈ ફરતો ફરતો હું આ ભારત દેશમા આવી પહોચ્યો. ત્યા નદીકિનારે મને એક દિગંબર પુરુષનો ભેટો થયો. તે એક જગા પર ત્રીસ વર્ષથી પાષાણમૂર્તિની જેમ પદ્માસન વાળીને બેઠો હતો. તેના શરીરે લતાઓ વળી ગઈ હતી અને તેની મોટી જટામા પંખીઓએ માળા બાંધ્યા હતા તો પણ એ જીવતો હતો તે જોઈને મને ભારે નવાઈ લાગી, ભવયો અને પિતાજી યાદ આવ્યા.

એ વખતે મને થયું કે આ માણસ જ્ઞાની જરૂર છે મારા મનમા મનુષ્યના દુ ખના ત્રણ કારણ છે જે વસ્તુ ન મળે તેની તેઓ અભિલાષા સેવે છે અથવા તો એને પ્રાપ્ત કરવામાં તેને ખોવાની ભીતિ સેવતા હોય છે અથવા તો જેને પોતે અનિષ્ટ માનતા હોય તેને જ તેઓ સહન કરી

તે છે આપણે એ બધા વિચારોને ચિત્તમાંથી બહાર કાઢી નાખીએ તો બધુ જ દુ:ખ આપોઆપ શાંત થઈ જશે. આથી મેં નિશ્ચય કર્યો કે આજથી કોઈ પણ વસ્તુની આકાંક્ષા હું રાખીશ નહિ. સંસારના શ્રેષ્ઠ પદાર્થોનો પરિત્યાગ કરી દઈશ અને આ મહાન બાહ્લીક યોગીની જેમ મૌન ધારણ કરીશ અને નિશ્ચિંત રહીશ. આ થઈ મારી કથા.

આચાર્ય પુષ્પે આ બધુ ધ્યાનથી સાંભળ્યું અને બોલ્યા: મહાશય, હું કબૂલ કરું છું કે આપનું કથન બિલકુલ અસંગત નથી. સંસારની ધનસંપત્તિને તુચ્છ સમજવી એ બુદ્ધિમાનોનું લક્ષણ છે પરંતુ અનંત સુખની ઉપેક્ષા કરવી એ એક નાદાની છે એથી તો ઈશ્વરનો કોપ વહોરવા જેવું થશે. મને તમારું અજ્ઞાન જોઈને ખૂબ દુઃખ થાય છે. હું તમને સત્યનો ઉપદેશ કરીશ જેથી તમને ઈશ્વરના અસ્તિત્વ વિશે વિશ્વાસ આવે અને તમે એના આજ્ઞાધારી શિશુની જેમ તેની આજ્ઞાઓનું પાલન કરો

વૃદ્ધે તેમને વચ્ચે અટકાવીને જ કહ્યું: ના ના, મારા શિર પર તારા ધર્મસિદ્ધાંતોનો બોજ ન નાખતો: અને એવા ભુલાવામાં પણ ન રહેતો કે તું મને તારા વિચારોને અનુકૂળ બનાવી શકીશ. આ તર્કવિતર્ક મિથ્યા છે. કોઈ મત જ ન રાખવો, એ મારો મત છે. કોઈ સંપ્રદાયમાં ન હોવું એ જ મારો સંપ્રદાય છે મને કોઈ દુ:ખ નથી, કારણ કે મને કોઈ વસ્તુની મમતા નથી. તું તારે રસ્તે જા, મને મારી આ ઉદાસીન વૃત્તિમાંથી બહાર લાવવાની વ્યર્થ ચેષ્ટા

ન કરી મે બહુ કષ્ટો સહન કર્યા છે આ દયા મને કઇ જળના સ્નાનની જેમ સુખદ લાગે છે.

પુષ્યને માનવમનનું પૂરું જ્ઞાન હતુ તે સમજી ગયા કે આ માણસ નાસ્તિક છે એના પર ઈશ્વરની હજી કૃપા-દૃષ્ટિ થઈ નથી અને તેના આત્માના ઉદ્ધારનો સમય પણ હજી ઘણો દૂર લાગે છે તેમણે આ વૃદ્ધના મતનું ખડન કરવાનું છોડી દીધુ તેમને થયુ કે એથી પોતાની ઉદ્ધારક-શક્તિ ઘાતક બની જાય !

પછી બાર વિધર્મીઓ સામે શાસ્ત્રાર્થ કરવામા એવું બને છે કે જે સાધન એનો ઉદ્ધાર કરી શકતુ હોય, તેજ સાધન તેના પાપકર્મમા નિમિત્ત પણ બને છે આથી સદ્જ્ઞાનના સાધન-વાળાએ એવું સાધન વાપરતા પહેલા ખૂબ વિચાર કરવો જોઈએ.

આચાર્યે વૃદ્ધ તપસ્વી વૈખાનસને નમસ્કાર કર્યા અને ત્યારબાદ એક ઊંડો નિશ્વાસ નાખી તેમણે રાત્રિના અંધકારમા પોતાનું પ્રયાણ આગળ વધાર્યું

બીજે દિવસે પ્રભાતે તેમણે નદીના કાંઠા પર જળચરોને એક પગ પર ઊભેલા જોયા. તેમની પીળી અને ગુલાબી ગરદનોનુ પ્રતિબિબ જળમા પડતુ હતુ લીલી ગોવાળની સુદર મખમલ બિછાત ક્ષિતિજ સુધી પથરાઈ હતી.

સ્વચ્છ આકાશમા મારક પક્ષીઓનુ ટોળુ ત્રિકોણાકારે ઊડી રહ્યુ હતુ ઝાડીઓમા છુપાયેલ બગલાઓનો અવાજ સભળાતો હતો, નજર પહોંચે ત્યાસુધી નદીના ભૂરા જળ હિલોળા મારી રહ્યા હતા.

શ્વેત શઢવાળી નૌકાઓ હવામાં તરતી બતકીઓની પેઠે સરતી હતી. કિનારા પર ઠેરઠેર સુંદર ભવનો શોભી રહ્યાં હતાં.

કિનારા પર કુંકુમનું આચ્છાદન છવાયું હતું અને ફૂલ તથા ફળોનાં વૃક્ષોથી ઢંકાયેલા બેટોમાંથી પંખીઓ બહાર આવતાં હતાં. તેમનો કલરવ વનમાં ઉલ્લાસમય વાતાવરણ સર્જતો હતો.

ડાબી બાજુએ છેક રણભૂમિ સુધી આવેલા લીલાછમ ખેતરો અને વનરાજિની અનુપમ શોભા આંખોને મુગ્ધ બનાવતી હતી. પાકી ગયેલા પાકના ખેતરો પર સૂર્યનાં કિરણો ચમકતાં હતાં અને જમીન પર આવીને સુગંધિત પવનલહરીઓ આવી રહી હતી.

આ પ્રકૃતિસૌંદર્ય જોઈને કુમારપાળે ઘૂંટણભેર ઝૂકીને પ્રાર્થના કરી,

હે ભગવન્! મારી યાત્રા સફળ થઈ. તને ધન્યવાદ હો! દયાનિધિ, જેમ તેં આ અરણ્યના વૃક્ષો પર આફતની વર્ષા કરી છે તે જ રીતે મેઘ કે જેને તેં પ્રેમથી સર્જ્યો છે તેના પર કૃપા વરસાવજે. મારી હાર્દિક ઇચ્છા છે કે તે તારી પ્રેમમય સુરક્ષાથી એક નવવિકસિત પુષ્પની જેમ, આપણું સ્વર્ગતુલ્ય પવિત્ર વીરનિ પોતાના યશ અને કીર્તિથી સુવાસિત બનાવ.

વળી તે કોઈ પુષ્પોથી સુશોભિત વૃક્ષ અથવા મનોહર પીંછાવાળા પક્ષીને જોતા તો તરત જ તેમને જોવાની સ્મૃતિ થઈ આવતી. અનુભવની સુંદરતામાં અને સ્વજનની મધુરતામાં

તેઓ મહાનર્તકી મેઘાની રૂપશ્રિમા જોઈ રહ્યા.

નદીનો સુળકુપ વિસ્તાર પસાર કરીને તે, આખરે પાટલીપુત્રમા આવી પહોચ્યા.

નગરના દર્શનની સાથે આચાર્ય પુષ્યને અનેક સંસ્મરણો ઉભરાઇ આવ્યા. એ સંસ્મરણો બધા સારા જ હતા એમ નહોતુ, કેટલાક મનને પ્રજાળનારા પણ હતાં.

એક વખત એવો પણ હતો કે મનના નિરંકુશ અશ્વને એમણે અહીં જ મેલગામ છોડવા દીધો હતો. મદ, મોહ માયા, મત્સર—આ બધા મેદાનોમા એ ઘૂમી વળ્યો હતો પણ સુખની વાત એ હતી કે એ મનરૂપી અશ્વને લગામ પણ અહીં જ જડી હતી!

પાટલીપુત્રમા

[૩]

સૂર્યોદય થવાને એક કલાક થયો હતો. આચાર્ય પુષ્પે એક પહાડી શિખર પરથી વિશાળ પાટલીપુત્ર નગરને જોયુ તેની સોનેરૂપે મઢેલી અટારીઓ સૂર્યપ્રકાશમાં ઝગમગી રહી હતી.

તે ઊભા રહ્યા અને મનમાં વિચાર કરવા લાગ્યા.

આ મારી જ મભૂમિ! અહીં મે જન્મ લીધો. અહીં મારા બાલ્યમય જીવનનો પ્રારંભ થયો. અહીં વિમલ વાયુનો મને સ્પર્શ થયો અહીં કિનારાભરી મોહકજળમાં મે જળ-વિહાર કર્યો તેણે મારુ પાલન કર્યું—એની માતા ખોળામાં મે પ્રમયુક્ત ગીતો સાંભળ્યા.

આચાર્ય વળી બોલ્યા. સ્મરણોના અશ્રુ—જળ એમની મનોભૂમિમાં ખૂબ ઝડપથી વહેવા લાગ્યાં હતાં.

સ્મરણ—જળ આગળ વધ્યા. સાધારણ લોકદૃષ્ટિએ આ કેવું મોહમય શહેર છે! કેવું ઐશ્વર્યમય છે! જન્મભૂમિ! તારો બાળક તને પુત્રની જેમ ક માને તે સ્વાભાવિક છે પરન્તુ યોગીની પ્રકૃતિ અનુસાર હુ તારી અવહેલના કરુ છું. કિંતુ હુ યોગી બાહ્ય રૂપોને તુચ્છ લેખ છે. મે વાસ્તવથી

મારા હૃદયને ડહાવી લીધું છે. હું તારી ઘૃણા કરું છું હું તારી સંપત્તિને, તારી વિદ્યાને, તારા શાસ્ત્રોને, તારાં સુખવિલાસોને તારી શોભાને ઘૃણિત સમજું છું તું પિશાચોનું ક્રીડાસ્થળ છે ! તને ધિક્કાર હો ! આર્યપૂજારીઓની અપવિત્ર શય્યા, નાસ્તિકોનું વિતંડાક્ષેત્ર તું છે તને ધિક્કાર છે ! હે પ્રભુ પિતા ! તું તારા પવિત્ર ચરણોથી આ અશુદ્ધ વાયુને શુદ્ધ કર કે જેમાં હવે હું શ્વાસ લેવાનો છું તું મારું રક્ષણ કર જેથી અહીંના વિષમય કીટાણુઓ મારા પવિત્ર આત્માને ભ્રષ્ટ કરે નહિ !

આ રીતે પોતાના વિચારદ્વારોનું ઉપશમન કરતા આચાર્ય નગરના ભવ્ય મુખ્યદ્વારમાં થઈને શહેરમાં પ્રવેશ્યા. આ દ્વાર એક પથ્થરના સુંદર મંડપ જેવું હતું તેની લાંબી કમાનોની છાયામાં બેસીને કંઇક દરિદ્ર ભિક્ષુક પ્રવાસીઓ હાથ લાંબા કરી ભીખ માગી રહ્યા હતા.

રસ્તામાં ગોઠવાઈને બેઠેલી એક વૃદ્ધાએ આચાર્યની ચરણરજ લીધી અને તે બોલી

ઓ પ્રભુના બંદા ! મને આશીર્વાદ આપો કે ઈશ્વર મારા પર દયા વરસાવે ! આ લોકની અંદર મેં ઘણાં કષ્ટો સહન કર્યાં પરલોકના સુખ માટે મેં ઘણાં દેહદમન વેઠ્યાં. તમે ઈશ્વરના બંદા છો. ઈશ્વરે તમને જીવોના કલ્યાણ માટે અહીં મોકલ્યા છે આથી તમારી ચરણરજ સુવર્ણરજ કરતાં પણ વિશેષ છે !

આચાર્યે હાથ લાંબો કર્યો અને તે વૃદ્ધાને આશીર્વાદ

આવ્યા. આચાર્યે આ પછી થોડાં ડગ આગળ ભર્યાં કે કેટલાક બાળકોનું ટોળું તેમને ફરી વળ્યું. બાળકો તાળીઓ પાડવા માંડ્યા અને બોલવા લાગ્યા.

અરે, આપણા નગરમાં આ વિદૂષક આવ્યો. આ વિદૂષકની મનોહર વિચિત્ર મુખ તો જરા જુઓ! અરે! કાજળ કરતા પણ એનો વર્ણ શ્યામ છે. હા! આવ્યો રે! આકરા એવી એની દાઢી લાંબી છે ભૂત લાગે છે ભૂત! ચાલો, એ હાકીને કાંકરા મારીને ગામમાંથી તગડી મૂકીએ.

બાળકો જે તે કરતાં પાછળ પડ્યાં. આચાર્યની પીઠ પર અવારનવાર કાંકરા પડવા લાગ્યા, પરંતુ આચાર્ય માત્ર એટલું જ બોલ્યા : હે ઈશ્વર! તું આ અબુધ બાળકોને સ મતિ આપ! તેઓને બિચારાઓને ખબર નથી કે તેઓ શું કરી રહ્યા છે!

ત આગળ ચાલ્યા ને વળી વિચારવા લાગ્યા

પેલી વૃદ્ધ સ્ત્રીએ મારું કેવું સન્માન કર્યું! અને આ બાળકોએ મારું કેવું અપમાન કર્યું! આમ એક જ વસ્તુ ભ્રમમાં પડેલા પ્રાણીઓને ભિન્ન ભિન્નરૂપે દેખાય છે. આ એક સિક્કાની બે બાજુ છે. કબૂલ કરવું પડશે કે પેલો વૃદ્ધ વયમાનસ નાસ્તિક હોવા છતા તે સાવ નિર્બુદ્ધિ ન હતો. તે જ્ઞાનચક્ષુએ અંધ હતા છતા આ બાળકો કરતા તો વધારે જ્ઞાની હતો. ત જ્ઞાનચક્ષુએ અંધપુરુષ એટલું તો જાણતો હતો કે પોતે પ્રકાશથી વંચિત છે તેનાં વચનો આ કુમળીઓ કરતા ક્યાંયે ઉત્તમ હતાં. જ્યારે આ બાળકો

તો સીધણ્ અંધકાર વચ્ચે રહ્યા છતા ભૂલો મારે છે કે અમે સૂર્યને જોઈએ છીએ. તેમને ખબર નથી કે સંસારમા સઘળુ મૃગજળ અને રેતીના વાવટોળ જેવું મિથ્યા છે માત્ર ઈશ્વર જ એક સ્થાયી તત્ત્વ છે !

તે મોટી ફ્લાગો ભરતા શહેરમા આગળ ચાલવા લાગ્યા.

દસ વર્ષે તે આ શહેરમાં આવ્યા હતા, છતા એકેએક પથ્થરને જાણે તે પિછાનતા હતા ! અને પ્રત્યેક પથ્થર તેમને તેમના દુષ્કૃત્યોની યાદ આપતો હતો આથી તેમણે સડક પર પોતાના પગ પછાડવા માંડ્યા અને જ્યારે પગમાથી લોહી નીકળ્યુ ત્યારે તેમણે એક પ્રકારના આનંદનો અનુભવ કર્યો.

સડકની બન્ને બાજુએ લાંબી ઊંચી હવેલીઓ વધુ બી રહી હતી. તેમાથી મનને મુગ્ધ બનાવે એવી માદક સુગંધ આવી રહી હતી. બદામ અને અશોકના વૃક્ષોની ટોચ અગાસીઓ અને ઝરૂખા સુધી પહોંચી હતી—જાણે તેઓ બાળકોની જેમ જનેતાના અંકમા બેસી રહ્યા હોય !

ભવ્ય ઈમારતોના અખણ્ડતા હાશોમાથી સંગેમરમરના ગોખલાઅેામા રાખેલી પિત્તળની બાલભાતની ક્લામય સુંદર મૂર્તિઓ દૃષ્ટિગોચર થતી હતી. મનોહર ને સ્વચ્છ લોકનાં જળ સુગંધિત વૃક્ષકુંજોની છાયામા હલકારા લઈ રહ્યા હતા. અગાધ શાંતિ પ્રસરી રહી હતી, કોલાહલનું નામ નિશાન પણ નહોતુ હા, ક્વચિત વીણાનો મધુર નાદ હાશોમાથી આવતો હતો.

આચાર્ય પુષ્પ એક ભવનના દ્વાર પર અટક્યા. તેના

સુંદર સ્થળો ખૂબ મનોહર હતા. દીવાલો પર દેશના સર્વશ્રેષ્ઠ ઋષિઓની ચિત્રાકૃતિઓ શોભી રહી હતી. આચાર્યે તે બધી મૂર્તિઓને ઓળખી. દરવાજા પર એક સોનાની ઝાલર હતી, અને તેને વગાડવા એક દાંડી રાખી હતી. આચાર્યે તેના વડે દરવાજો ખખડાવ્યો.

તરત જ એક દાસ આવ્યો અને દરવાજો ખોલ્યો. કોઈ સાધુને દરવાજા પર ઊભેલો જોઈને તે બોલવા લાગ્યો

‘હે સાધુડા! અહીંથી દૂર થા. કોઈ બીજું ઘર શોધ. અહીં તો દાનને બદલે દંડ મળશે.’

આચાર્યે સરળ ભાવે કહ્યું : ‘હે દાસ! હું ભિક્ષા માગવા અહીં આવ્યો નથી. તું તારા માલિક પાસે મને લઈ જા, એટલી જ મારી ઇચ્છા છે.’

દાસ આથી વધારે ગુસ્સે થયો અને બોલ્યો : ‘મારા માલિક તારા જેવા સાધુને મુલાકાત આપતા નથી.’

આચાર્યે શાંતિ અનુભવ રાખીને કહ્યું : ‘હે વત્સ, હું જે કહું છું તે તું કર। તારા માલિકને કહે કે હું મળવા માગું છું.’

દાસે ક્રોધના આવેશમાં આવીને કહ્યું : ‘અરે ચાલ્યો જા, ભામટા કહિંના!’

દાસે પોતાની લાકડી ઊંચી કરીને આચાર્યના મુખ પર મારી. પણ સાધુએ સહેજ પણ ઉત્તેજિત થયા વિના, એ લાકડીના પ્રહારને શાંતભાવે સહન કરી લીધો. અને ફરીવાર તેણે દાસને પ્રેમભાવે કહ્યું : ‘વત્સ, મારી યાચનાનો સ્વીકાર કર!’

ચક્તિ થઈને હાશ મનોમન બોલ્યો આ કોઈ પવિત્ર આત્મા લાગે છે તે મારથી પણ ડરતો નથી, તિરસ્કારથી દુ:ખી થતો નથી, અપમાનથી ગુસ્સે થતો નથી.

વસ્ત જ તે એના માલિક પાસે ગયો અને આ સાધુની યાચના જણાવી.

તેનો માલિક નિખિલ હમણા જ સ્નાનાગારમાથી બહાર આવ્યો હતો. સુદર અધનગ્ન યુવતીઓ તેના શરીર પર સુગધિત તેલનુ ઝૂકી ઝૂકીને મર્દન કરી રહી હતી. નિખિલ સ્વરૂપવાન યુવાન હતો. તેના મો પર અપૂર્વ પ્રસન્નતા હતી.

આચાર્યને જોતા જ તે ઊભો થયો અને હાથ પ્રસારી આલિગન આપીને બોલ્યો આવ, આવ, મારા પ્રિય મિત્ર! પ્રિય બધુ! મારા બાળપણના પરમ મિત્ર, આવ, આવ! હુ તને ઓળખી ગયો છુ પણ અત્યારે તારી સૂરત સાવ પલટાઈ ગઈ છે માણસ જેવી લાગવાને બદલે એ માનવેતર જેવી લાગે છે! આવ મને ભેટ! નિખિલ આલિગન આપ્યો ને આચાર્ય પાસે સસ્તા બોલ્યો

તને એ દિવસો યાદ જ હશે. આપણે સાથે બેસીને વ્યાકરણ, અલકાર અને દર્શનનો અભ્યાસ કરતા હતા. તે સમયે તુ ઉગ્ર અને ઉદ્દડ પ્રકૃતિનો આદમી હતો પણ સાથે પૂર્ણ સત્યવાદી! એક વસ્તુથી બીજાથી તને સતોષ થતો, પણ તારી જ્ઞાનપિપાસાને કોઈ અવધ નહોતી. તુ વારા

જીવનની જેમ ધનની પણ પરવા કરતો નહોતો. તું જાણી હશે—પણ એ બુદ્ધિની કુશાગ્રતાનું એક લક્ષણ જ ગણાય જોઈએ. તારા જીવનની વિચિત્રતા મને ખૂબ પ્રિય હતી. આજ દશ વર્ષ બાદ તારાં દર્શન થયાં!

નિમિત્ત આગળ વધ્યો ને આચાર્ય પુણ્યને ભેટ્યો, ને વળી બોલ્યો, મિત્ર! હું તારું હાર્દિક સ્વાગત કરું છું. અલ્પજીવનનો ત્યાગ કરીને અને ધર્મની તારી વિચિત્ર માન્યતાઓ છોડીને ફરીવાર તું તારા મૂળ સ્થાન પર આવી ગયો, તેથી હું પૂરા રાજી થયો છું. હું આ દિવસનું સ્મરણ આરસના એક શ્વેત સ્તંભ પર કોતરાવી રાખીશ.

નિમિત્તે આ પછી પોતાની બે સુંદર પરિચારિકાઓને કહ્યું: મારા પરમમિત્રના હાથ, પગ અને દાઢી સ્વચ્છ કરો અને તેની દેહ પર સુગંધિત પદાર્થો લગાવો.

બન્ને પરિચારિકાઓ મીઠું મીઠું હસી અને તરત જ એક થાળમાં, સુગંધી પદાર્થોના શીશા અને દર્પણ લાવી. પણ આચાર્ય તેઓને કઠોર વચનોથી પોતાની પાસે આવવાની મના કરી, પોતાની નજર જમીન પર ઢાળી દીધી અને કહ્યું   રે નગ્નતા! દૂર રહો એક યોગીથી! જીવનનું ઝેર છો તમે. હું તમારો ઉદ્ધાર કરીશ.

ત્યાર બાદ નિમિત્તે આચાર્ય પુણ્ય માટે આતિથ્યક્રિયા, સુંદર આસન અને અનેકવિધ ભોજન તથા ઉત્તમ મદ્ય લાવીને તેની સામે મૂક્યાં; પણ આચાર્યે ઘૃણાપૂર્વક તે સર્વ વસ્તુઓને પોતાનાથી દૂર હટાવી દીધી અને કહેવા લાગ્યા

નિખિલ! મેં મૃતકર્મનો પણ વિરોધ નથી. જેને તું ધર્મની વિચિત્ર માન્યતા કહીને હસી કાઢે છે એ તો સત્યનો આત્મા ને જ્ઞાનનો પ્રાણ છે. આદિમાં માત્ર શબ્દ હતો અને શબ્દની સાથે ઈશ્વર હતો. અને શબ્દ જ ઈશ્વર હતો. તે જીવનનો સ્રોત છે અને એ જીવન માનવજાતિનો પ્રકાશ છે.'

નિખિલે જવાબ આપ્યો, પ્રિય પુરુષ! તું શું એમ માને છે કે તારા અર્થહીન શબ્દોના ઝણકારથી હું મુક્ત થઈ જઈશ? તને શું ખબર નથી કે હું પણ મોટામોટા તત્ત્વજ્ઞાની છું. તારા જ્ઞાનના ચીંથરાઓથી હું શું ખુશ થઈ જઈશ એમ તું માને છે? મહાન ફિલસૂફોથી મારા મનને શાંતિ ન મળી તે શું તું આપી શકવાનો છે? ઋષિઓએ પ્રબોધેલ સિદ્ધાંતો એ માત્ર કલ્પિતકથાઓ જેવા છે તે વાંચવાથી સરળ હૃદયના માણસો એક પ્રકારનું મનોરંજન અને એક ખાલી આશ્વાસન મેળવે છે પણ એ મનોરંજન કે આશ્વાસન માત્ર ભ્રમ જ હોય છે. કલ્પના-કથાઓમાં એથી વિશેષ બીજું હોય પણ શું?

ત્યાર બાદ તે આચાર્ય પુરુષને હાથ પકડીને એક ખંડની અંદર લઈ ગયો, ત્યાં હજારો ભોજપત્રોને રૂમાલમાં વાળીને પેટીઓમાં રાખવામાં આવ્યા હતા.

નિખિલ બોલ્યો: આ મારું પુસ્તકાલય છે. જગતને એક વાત ભિન્ન ભિન્ન રીતે સમજાવવા જે કંઈ લખાયું હતું તેનો આ સંગ્રહ છે. સંસારના સર્વશ્રેષ્ઠ સત્તાધીશો

પાસે અતુલ ધનભંડાર હોવા છતાં આટલો જ્ઞાનભંડાર નહિ હોય! પણ અફસોસ! આ આખા ભંડારનો મેં તાગ મેળવ્યો છે ને તારવ્યું છે કે એક યોગી માનસના સ્વપ્ન અને આશ્વાસન વિના આમાં બીજું કશું જ નથી!

નિખિલે વાત કરતા કરતા પકડેલા પુણ્યને હાથીદાંતની સુંદર ખુરશી પર બેસાડ્યો અને પોતે પણ પાસે બેઠો. આશ્ચર્ય પુણ્યે પેલાં પુસ્તકો તરફ એક ધ્યાનિમગ્ન દૃષ્ટિ કરી અને કહ્યું : આ બધાં પુસ્તકો અગ્નિમાં પધરાવવા યોગ્ય છે.

નિખિલ બોલ્યો : ના, પ્રિય મિત્ર! એથી તો ઘોર અનર્થ થાય, કારણ કે યોગી પુરુષોના સ્વપ્ન પણ કોઈકવાર બહુ મનોહર હોય છે આપણે જો આ કલ્પનાઓ અને સ્વપ્નોને મિટાવી દઈએ તો સંસાર શુષ્ક અને નીરસ બની જાય અને આપણે બધા વિચારની શિથિલતાની ગર્તમાં જઈ પડીએ.

